REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. WPP REGD. No.GRJ-303



**ચૈત્ય-પ્રેમ**

**પ્રભુ-શક્તિ મહા, વિશ્વે કાર્ય કરે,**
**સમેટી સમગ્ર વિશ્વને, પ્રભુ ચરણે લાવી ધરે.**

DATE OF POSTING : 1st OF EVERY MONTH

# સહજ-સત્સંગ

અંક : ૨૩૨ વર્ષ : ૨૦ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા એપ્રિલ : ૨૦૦૮



**ચૈત્ય - પ્રેમ શક્તિ-સભર, નીકો બની વહે,**
**પ્રભુકૃપાના ઝાંકળબિન્દુને, સહેજે સસ્મિત ધરે.**



સનાતન તત્વના આવિર્ભાવ પ્રક્રિયામાં અવતાર
એક વધારે પૂર્ણ ભાવિ સાક્ષાત્કારની માત્ર ઘોષણા
કરનાર અગ્રદૂત હોય છે.

24.4.57 – શ્રી માતાજી



શ્રી મતાજીનો શુભ્ર પ્રકાશ એ દિવ્ય-ચેતનાનો પ્રકાશ છે, તમે વધુને વધુ એની હેઠળ જીવી રહ્યા છો અને તે તમને મુક્ત કરી રહ્યો છે.

૧૫.૮.૫૮ – શ્રી અરવિંદ

## આપણી અભિપ્સા

(આ કોલમમાં વિવિધ મંત્રો અથવા વચનામૃતો આપવામાં આવશે. તેમાં દર્શાવેલા ભાવો મનમાં ધારણ કરીને તે મન્ત્રોનાં શબ્દોનો અર્થ સમજતા સમજતા કરેલું ભાવપૂર્ણ પુનરાવર્તન આપને સક્રિય ધ્યાનમાં પ્રવેશ આપશે. ચેતનાના વિકાસમાં આવા ધ્યાન-પ્રયોગોનું મહત્વ છે. માતાજી પોતાના પ્રિય આશ્રમ-વાસીઓને આવા ધ્યાનનાં વિષયો આપી સક્રીય ધ્યાન કરવા કહેતાં. તારાદીદીએ તો આવા ધ્યાન-વિષયોને પ્રકાશિત પણ કરેલાં છે. આવી રીતે શ્રી માતાજી કે શ્રી અરવિંદના લખાણો વાંચતી પહેલાં ધ્યાન કરવાથી તે લખાણો પાછળની તેમની ચેતનાની શક્તિનાં સંપર્કમાં આપણે અચૂક મુકાઈ જઈએ છીએ અને તેમના લખાણોનું સત્ય આપણી સામે સ્વયંભૂ આપણી ચેતનાની કક્ષાનુસાર પ્રગટ થાય છે, આવો અનેક સાધકોનો અનુભવ છે. માતાજીનાં વિચારાનુસાર અભિપ્સા સેવવી એ સક્રિય ધ્યાનનો જ પ્રકાર છે.... ચાલો શ્રી માતાજીની આ રીતને આપણે અનુસરીએ.... શુભસ્તે પંથાનઃ - તંત્રી)

ૐ **શુક્રોઽસિ ભ્રાજોઽસિ સ્વરસિ જ્યોતિરસિ ।**
**આપ્નુહિ શ્રેયાંસમતિ સમંક્રામ ॥** (અથર્વ ૨.૧૧૫)

આ શુભ વચન આપણા સહુ માટે સત્ય બનો (ૐ)
'હે આત્મન્, તું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ છે. (શુક્રોઽસિ)
તું પ્રકાશમય છે (ભ્રાજોઽસિ)
તું પરમાત્માનાં રહેઠાણ સ્વરૂપ છે (સ્વરસિ)
તું સાકાર જ્યોતિ સ્વરૂપ છે (જ્યોતિસિ)
ચેતનાના વિકાસ માટે અર્થાત
શ્રેયસ પ્રાપ્ત કરવા (આપ્નુહિ શ્રેયાંસમ્)
તું યોગ્ય રીતે પોતાના મલિન તત્વોને અતિક્રમી જા. (સમં અતિક્રામ)

**નોંધ :** સમં (યોગ્ય રીતે) નો અર્થ છે રૂપાંતરની પ્રક્રિયા દ્વારા તત્વોને દિવ્ય કરીને, ફક્ત ત્યાગીને નહિં. આ મન્ત્રમાં શ્રી અરવિંદના પૂર્ણયોગનું બીજ દેખાય છે. ઋષિએ 'અતિક્રામ' ને બદલે 'સમં અતિ ક્રામ' શબ્દ હેતૂપૂર્વક વાપરેલો દેખાય છે.



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૨ વર્ષ : ૨૦
એપ્રિલ - ૨૦૦૮

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**
સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી - **માનસિંહભાઈ ચાવડા**


ટ્રસ્ટી મંડળ :
ભારતીબેન ત્રિવેદી
હર્ષદભાઈ ઠકરાર
લલીતભાઈ ઉપાધ્યાય
કમલેશભાઈ માંડવીયા

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005




લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂા.૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

## તંત્રી સ્થાનેથી



# અલગારી આત્માની અલવિદા

સહજ-સત્સંગનાં તંત્રી કરતાં અધ્યાત્મક્ષેત્રનાં એક અલગારી આત્મા તરીકે સ્વ.ભૂપેન્દ્રભાઈને રાજકોટ કેન્દ્રનાં બધા સાધક ભાઈ-બહેનો માનતા અને તેમની



આમન્યા જાળવતા. માતાજીનું કાર્ય કરવા ૧૯૮૪માં અચાનક રેડીયો સ્ટેશનની સરકારી નોકરી છોડી દેનાર આત્માને કહેવું પણ શું !

ગોંડલમાં સ્વ.મકરન્દભાઈ દવે અને પૂ.નાથાભાઈ જોષી જેવી અલગારી વિભૂતિઓનો પાકો રંગ તેમને ચડયો હતો. તેમાં વળી ગીરનારનાં જંગલોમાંની ગીરીકંદરાઓમાં અવધૂતોને મળવાનો, તપસ્વીઓ પાસેથી જાણવાનો, યોગીઓને સમજવાના તેમના શોખે તેમના અલગારી-સ્વભાવને વધારે નિખાર આપ્યો. સ્વ.ભૂપેન્દ્રભાઈના ધર્મપત્નીનું નામ ભારતીબેન. હસતા હસતા ભૂપેન્દ્રભાઈ કહેતાં હું છું ભૂપેન્દ્રભારતી ! અર્થાત અલગારી સન્યાસી.

ભૂપેન્દ્રભાઈ પોંડીચેરી ગયાં. બધાને મળ્યાં.

જીવનમાં અકસ્માતોમાં પણ કેવી છન્દોબદ્ધતા હોય છે - ગયે વખતે પંદર વર્ષ પહેલાં, ભૂપેન્દ્રભાઈ પોંડીચેરી ગયાં અને આવતાં વેંત પેરેલિસીસનો અને બ્રેનહેમરેજનો હુમલો. પંદર વર્ષ બાદ આ વખતે ગયાં, અને આવતાં વેંત કસમયની કાયમી અલવિદા ! જીવનના જોગ-સંજોગ વિષે ન બોલીએ તે જ ઠીક. 'ગહના કર્મણો ગતિ' એ જ સાચું !

અમદાવાદ સ્ટેશને ભૂપેન્દ્રભાઈ સહુ સાથે આનંદથી જમ્યાં. થોડીવાર પછી ગેસની તકલીફ થતી જણાવી પોતે સાથે રાખતા દવાઓ પૈકી દવા લીધી. તા.૪ માર્ચ ૨૦૦૮. વહેલી સવારનાં સાડાત્રણ વાગેલા. રાજકોટ સ્ટેશન આવ્યું બધાં માલસામાન સાથે સ્ટેશન બહાર આવ્યાં. ભૂપેન્દ્રભાઈ તથા ભારતીબેનનો સામાન સાધકોએ રીક્ષામાં ગોઠવી આપ્યો સાથેના ચેતનાબેનને સાચવવા કહ્યું. ત્રણેને રીક્ષામાં બેઠાં. બધાને ભૂપેન્દ્રભાઈએ કહ્યું, ''આજે આરામ કરો, આવતી કાલે બધા મળશું.'' અને રીક્ષા ઉપડી.

ઘેરે આવતા જ ભૂપેન્દ્રભાઈએ પોતે તાળાં ખોલ્યાં. ઘરમાં પગ મુકતાં જ બોલ્યા, 'હાશ, મા, પાછો ઘેર આવી ગયો.'

થોડીવારથી ભૂપેન્દ્રભાઈએ ગેસની તકલીફ વધી ગઈ છે એમ જણાવ્યું. ભારતીબેને આદુ નાંખેલ સોડા આપી. ભૂપેન્દ્રભાઈએ બધાને આરામ કરવા કહ્યું.

તેમને ઉંઘ આવતી નહોતી. પડખાં ફેરવતાં રહ્યાં, સવારનાં સાડા સાતે જાજરૂ

ગયા.

બહાર આવ્યા ત્યારે ભારતીબેનને કહ્યું ''ખબર નહિ શું થાય છે પણ તબિયત બગડતી જાય છે.'' ભારતીબેને તેમને માતાજીનું બ્લેસિંગ-પેકેટ આપ્યું. તે ખોલીને ભૂપેન્દ્રભાઈએ પાંખડીઓ મોઢામાં મુકી ચાવવા જાય છે ત્યાં જ......... અચાનક મહાશ્વાસ ઉપડયો. ભારતીબેને પોતાના પ્રયત્નો કર્યાં પણ વ્યર્થ. શ્વાસ થંભી ગયો. ભૂપેન્દ્રભાઈની નિર્જીવ આંખો અપલક નેત્રે અગોચરમાં સ્થિર થઈ ગઈ.

ભારતીબેને ગભરાઈને અડોશી પડોશીઓને બોલાવ્યા. પણ કાંઈ કરવાપણું રહ્યું નહોતું. ભારતીબેને ભૂપેન્દ્રભાઈનાં પોપચાં હાથેથી ઢાળ્યાં, મુખમાં તુલશી-પત્ર મુક્યું. ઘીનો દીવો બુઝાએલાં જીવન-દીપ પાસે ટમટમી રહ્યો હતો. જાણે કહેતો ન હોય, ''તમે અમે બેઉ સરખા - જીવન - સ્નેહ ન ખૂટે ત્યાં સુધી બળતાં!''

માતાજીનો અલગારી દિકરો રમતો, રખડતો માતાજી પાસે પહોંચી ગયો.

શ્રી અરવિંદ અને માતાજીના શિષ્યોની વિવિધતા અને પ્રકૃતિ-ભિન્નતા ધ્યાન ખેંચે એવી છે. પુરાણીજી જેવા શાંત જ્ઞાનીપુરૂષ, સુન્દરમ્ જેવા રસીક કવિ, નિરોધબરન જેવા નિર્લેપ, અમલકિરણ જેવા પ્રસન્ન, પ્રણવદા જેવા ઉત્સાહી અને કર્મઠ અને દિલીપકુમાર રોય જેવા પ્રેમીપાગલ ! અરવિંદે બધાને જ સ્વિકાર્યા છે.

ભૂપેન્દ્રભાઈ જેવા અલગારીનો તેમાં વધારો થયો. ભૂપેન્દ્રભાઈની અલગારી-વૃતિને કારણે તેમની માટે ગેરસમજો પણ ઘણી થતી. શું આપણે શ્રી અરવિંદની જેમ અન્તઃસ્થ સત્વને પિછાણી તેમની મહત્તા નહિ સમજી શકીએ ? આખરે ભૂપેન્દ્રભાઈ તો પોતાની પ્રકૃતિમાં અલગારી સત્યાનુસાર જ જીવ્યા છે. શ્રી અરવિંદ સાચુ કહે છે, સાચા સાધકે બીજા સાધકને તોલવા માપવાની માનવી નબળાઈ છોડવી જ પડશે.

અમે ભૂપેન્દ્રભાઈની પ્રકૃતિથી ખૂબજ પરિચીત હતાં. અને તેથી ભૂપેન્દ્રભાઈ જેવા હતાં, તેવા જ સ્વરૂપમાં તેમને ચાહીએ છીએ.-સમગ્ર રીતે.

અતિવાસ્તવવાદી સાહિત્યકાર સાર્ત્રના પ્રભાવ નીચે આવેલા ભૂપેન્દ્રભાઈને



ગોંડલના જ ગૂઢવાદી મર્મી સંતકવિ સ્વ.મકરંદભાઈ દવે અને અલખના ખેલંદા પૂ.નાથાલાલ જોશીએ જીવનની નવી શૈલી આપી. અભિવ્યક્તિનું નવું નૂર આપ્યું. માન્યતાઓની વિશેષતા આપી. તેઓ માનતા કે દિવ્ય-જ્ઞાન અંદરથી પ્રગટે છે. તે માટે થોથા વાંચવાની જરૂર નથી. તેમણે મનમાં એક સપનું સેવ્યું. સૌરાષ્ટ્રની ધરતી ઉપર તેમની દ્વારા માતાજીનાં નામને રમતું કરવાનું - અને સહજ - સત્સંગે જન્મ લીધો.

આજે તેઓ નથી, પણ સહજ-સત્સંગ છે. ભૂપેન્દ્રભાઈનો લગભગ પચાસ ગ્રંથોનો ખજાનો છે. આજે તેમના આ સાહિત્ય યજ્ઞે વિરામ લીધો છે.

પણ સહજ-સત્સંગ ચાલુ રહેશે. સ્વ.ભૂપેન્દ્રભાઈને તે જ સાચી શ્રદ્ધાંજલી અને ભાવવંદના બની રહેશે.

**ભૂપેન્દ્રભાઈ, રાજકોટ કેન્દ્રના બધા સાધક ભાઈ-બહેનો તમને ચાહતા હતા, ચાહે છે અને ચાહતા જ રહેશે. આપણા રાજકોટ કેન્દ્રનું સત્ય હણાવા નહિ દઈએ.**

જેમ દરેક રાષ્ટ્રને પોતાનું આગવું સત્ય હોય છે, જે ખરેખર તો મૂળસત્યનું એક પાસુ જ હોય છે, તેમ દરેક શ્રી અરવિંદ-કેન્દ્રનું પોતાનું સત્ય છે. સૂરતનું યુવકોના ઘડતરનું, વડોદરાનું શ્રી અરવિંદ સ્મારકની જાળવણીનું, તેમ રાજકોટ કેન્દ્રનું સત્ય છે, સાધનાલક્ષી સાહિત્ય-સર્જનનું. બધાજ કેન્દ્રોની બાહ્ય ભિન્ન પ્રવૃત્તિઓ હોવા છતાં તેની નીચે શ્રી અરવિંદ-અને માતાજી પ્રત્યેનાં નિર્મળ પ્રેમનો પ્રવાહ તો અચૂક હોય છે.

અમે રાજકોટ કેન્દ્રના સાધક ભાઈ-બહેનો આપણા કેન્દ્રના આત્માને મરી પરવારવા નહિં દઈએ તેવી હે સાહિત્ય-યજ્ઞના ઋત્વિજ અમે પુરેપુરી ખાત્રી આપીએ છીએ. અમારી ખાત્રી - અવિચળ છે.

પરમ પ્રભુ, દિવંગત આત્માને ચિરશાંતિ બક્ષો, ભારતીબેનને આઘાત સહન કરવાની ક્ષમતા આપો તેવી આપના ચરણે મૌન પ્રાર્થના છે.

**-રાજકોટ કેન્દ્રનાં સહુ સાધક ભાઈ-બહેનો**

# માતાજીના આરાધક

- શ્રી હરકિશન જોષી

૧૯૫૮માં ભૂપેન્દ્રભાઈનો પરિચય થયો ત્યારે તેઓ ગોંડલની ભગવતસિંહજી લાયબ્રેરીમાં મદદનીશ ગ્રંથપાલ હતા. આ ઔપચારિક પરિચય અલ્પકાળમાં પ્રગાઢ મૈત્રીમાં પરિણમ્યો. થોડા સમયમાં જ વેરી દરવાજા ઉપર ચાલતું પુસ્તકાલય નવા બંધાયેલા ટાઉન હોલના ભોંય તળિયે ફેરવાયું અને ભૂપેન્દ્રભાઈ મુખ્ય ગ્રંથપાલ બન્યા. અમે બંને મિત્રો લાયબ્રેરીના વિકાસ માટે જુદી જુદી યોજનાઓ કરતા. એ વખતના નગરપાલિકા ગોંડલના પ્રમુખશ્રી દુર્લભજીભાઈ શુકલના સહકારથી ભૂપેન્દ્રભાઈએ લાયબ્રેરીમાં વિશ્વસાહિત્ય પ્રદર્શન ભરેલું. તે એક અઠવાડિયું ચાલેલું. પ્રદર્શનની તૈયારીમાં અમે રાતના ઉજાગરા કરેલા.

આ અરસામાં અમે બંને મિત્રો પ્રસિદ્ધ કવિ શ્રી સ્વ.મકરન્દ દવેના સંપર્કમાં આવ્યા. મકરન્દભાઈના સૂચનથી ટાઉન હોલમાં પ્રત્યેક શનિવારે રાતે 'રસ રંગ' ની કાવ્ય ગોષ્ઠિઓ થવા લાગી.

સંધ્યા સમયે ગ્રંથાલય બંધ થાય પછી અમે બંને મિત્રો પૂજ્ય મકરન્દ દવેને



ત્યાં જતા અને મધ્ય રાત્રિ સુધી રોકાઈને સત્સંગ લાભ લેતા. મકરન્દભાઈને ત્યાં જ્ઞાનીઓ, સન્યાસીઓ, કવિ સાહિત્યકારો અને સંતો આવતા રહેતા તે સૌને સાંભળવાનો લાભ અમને મળ્યો. મકરન્દભાઈને ત્યાં નિયમિત હાજરીના કારણે સ્વામી આનંદ, કાકા સાહેબ કાલેલકર, ઉમાશંકર જોષી, નાથાભાઈ જોષી, અમૃત ઘાયલ, ગની દહીંવાળા જેવા અનેક મહાનુભાવોનું સાનિધ્ય માણવા મળ્યું. પરિણામે બંને મિત્રોની અંતર્યાત્રા આરંભાઈ જેના ફલ સ્વરૂપે બહાર સાહિત્ય લેખનમાં પ્રવર્તવાનું બન્યું. ભૂપેન્દ્રભાઈ ગદ્યલેખો, વાર્તા અને પ્રસંગ કથાઓ લખવા તરફ વળ્યા અને હું કાવ્યસર્જન ભણી. અમારા આરંભના સાહિત્ય સર્જનમાં પૂજ્ય મકરન્દભાઈ પ્રેરક બની રહ્યા.

ભૂપેન્દ્રભાઈ અને હું આ અરસામાં સ્વ.મકરન્દભાઈના પરિવારના સભ્યો જ લાગતા. સ્વ. મકરન્દભાઈના ઘરનો ઝાંપો ઉઘડે અને જો ફળીમાં બાંધેલો પાળેલો કૂતરો ભસે નહિ તો મકરન્દભાઈ અને તેમના બા માનતા કે ભૂપેન્દ - કિસન આવ્યા.

એમના બાની બિમારી દરમ્યાન અમે મોડી રાત સુધી રોકાતા ત્યારે સમય પસાર કરવા મકરન્દભાઈ ઊંડાણભરી જ્ઞાન ચર્ચાઓ કરતા. તેથી અમને બંનેને દેખીતો લાભ એ થયો કે સંચિત કરેલું પુસ્તકિયું જ્ઞાન ખરી પડવા લાગ્યું અને પરમ તત્વ ભણીની યાત્રામાં જીવંત રીતે જોડાવાનું થયું. આના કારણે સાહિત્યની બાહ્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું ઘટતું ગયું સાથોસાથ નામ કમાવાનો - યશ - કીર્તિનો મોહ પણ છૂટતો ગયો.

પછી એક વળાંક આવ્યો. ભૂપેન્દ્રભાઈ ગોંડલ છોડી વડોદરા ગયા અને પુરાતત્વ સંગ્રહાલયની નોકરીમાં જોડાયા. મને ગામડાની નોકરીમાં મીડલ સ્કુલમાં નોકરી મળી. આમ થોડા વર્ષ માટે અમે જુદા પડી ગયા.

પરંતુ ૧૯૬૬માં મેં જામનગરમાં વકીલાત શરૂ કરી ત્યારે ભૂપેન્દ્રભાઈ

આકાશવાણી રાજકોટમાં જોડાઈ ગયા હતા. કાવ્યમંજરી કાર્યક્રમ માટે કવિતાનું રેકોર્ડિંગ કરાવવા રાજકોટ જવાનું થતું ત્યારે ભૂપેન્દ્રભાઈને ત્યાં જ ઉતરતો અને તેમના સત્સંગનો લાભ લેતો. ભૂપેન્દ્રભાઈએ ભારતીય સંત સાહિત્યનો ગહન અભ્યાસ કરેલો. આરંભમાં તેઓ યોગ માર્ગ તરફ વિશેષ આકર્ષાયેલા. તેમના લેખનના ટેબલ ઉપર પરમહંસ યોગાનંદ, યુક્નેશ્વરજી, લાહિરી મહાશય અને મહાઅવતાર બાબાજીની છબીઓ રહેતી. આમ છતાં ભૂપેન્દ્રભાઈના શિશુ સમા - નિર્મળ અને નિર્દોષ સ્વભાવમાં ઊંડે ઊંડે વહેતા પ્રેમભક્તિના ઝરણાની ઝાંખી તો થયા જ કરતી હતી.

આકાશવાણીની નોકરી દરમ્યાન તેઓ પોંડિચેરી શ્રી અરવિંદના આશ્રમમાં પ્રથમવાર ગયા અને શ્રી અરવિંદ તથા શ્રી માતાજીને પૂર્ણપણે સમર્પિત થઈ ગયા. માતાજી મીરાના માતૃસ્વરૂપમાં એમની તન્મયતા વધતી ચાલી. અંતે આકાશવાણીની નોકરીમાંથી તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. નિવૃત્તિ બાદ ભૂપેન્દ્રભાઈએ કાલાવડ રોડ પર વૃંદાવન સોસાયટીમાં મકાન ખરીદયું. આ 'અર્પણ' મકાનમાં તેઓ સાધનાની ધૂણી ધખાવીને બેસી ગયા. ધીરે ધીરે એમનો આવાસ મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર બની ગયો. અહીંથી જ તેમણે 'સહજ-સત્સંગ' નામનું માસિક શરુ કર્યું. 'સહજ-સત્સંગ' દ્વારા શ્રી ભૂપેન્દ્રભાઈએ શ્રી અરવિંદના તત્વજ્ઞાનને સરળ ગુજરાતી ભાષામાં સુલભ કરી આપ્યું. તો બીજી તરફ શ્રી માતાજી મીરાદેવીમાં ઉત્કટ પ્રેમ અને ભક્તિ દ્વારા વિશ્વજનની જગદંબાનું સ્વરૂપ સાકાર કરી શ્રદ્ધાળુ ભાવકોના ચિત્તમાં સ્વરૂપ ઉપાસના જાગૃત કરી. પોતાની મૌલિક લેખન શક્તિનો ઉપયોગ કરી શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગહન બોધને સરળ બનાવતાં અનેક પુસ્તકો તેમણે રચ્યાં છે. ધન યશ પ્રતિષ્ઠાની પરવા કર્યા વિના તેમણે એકલા હાથે એક સંસ્થા કરી શકે તેથી વિશેષ કાર્ય કર્યું છે.



ભૂપેન્દ્રભાઈ માના ચરણોમાં સમર્પિત અનન્ય ભક્ત હતા. માતૃ સ્વરૂપમાં તેમણે સામરસ્યની ભક્તિ સિદ્ધ કરી હતી. ''મા-દૈનિક જીવનમાં'' એ નામથી સહજ-સત્સંગમાં પ્રગટ થયેલી તેમની લાંબી લેખમાળામાં તેમનું પ્રબળ ભાવ સ્વરૂપ પ્રગટતું જોવા મળે છે. સ્વભાવે તેઓ ખૂબ જ લાગણીશીલ અને પ્રેમાળ હતા. તેમના હોઠપર અને આંખોમાં સદા હાસ્ય ફરકતું રહેતું. નાનામાં નાના બાળકથી માંડીને મોટા જ્ઞાની પુરુષ સુધી સૌને સમાન પ્રેમભાવે નિહાળતા. કેટલાક સાધક મિત્રો તો તેમના હાથના સ્નેહાળ સ્પર્શથી રોમાંચિત થઈ જતા.

આવા સૌના લાડીલા ભૂપેન્દ્રભાઈની વિદાયે ગુજરાતના જ્ઞાનયોગ ભક્તિના ત્રિવેણી હાથપર એક સાચા યાત્રીની ખોટ ઊભી કરી છે.

રાજકોટના કાલાવડ રોડ પર મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર સ્વરૂપે ભૂપેન્દ્રભાઈએ જલાવેલી ઉપાસના જ્યોત શહેરના સાધક મિત્રો પ્રજવલિત રાખે એ અભ્યર્થના.

(શ્રી હરકિસન જોષીના ભાવસભર શાંત્વના - પત્રમાંથી - તંત્રી)

## નોંધ

સહજ-સત્સંગના વાંચક પરિવારને નમ્ર વિનંતિ

શ્રી ભૂપેન્દ્રભાઈના દેહ-ત્યાગ પછી કેન્દ્ર ઉપર મનીઓર્ડર સ્વીકારી શકાય તેવી વ્યવસ્થા ન હોય, સહજ-સત્સંગનું 'અર્પણ', **'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ'** રાજકોટના નામના ચેક અથવા ડ્રાફટ અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવું

**- તંત્રી શ્રી**

# સહજ-સત્સંગ શા માટે ?

સ્વ.ભૂપેન્દ્રભાઈની વસમી વિદાય પછી સહજ-સત્સંગના ટ્રસ્ટી-મંડળ સામે પ્રશ્ન ઉભો થયો. શું સહજ-સત્સંગને હવે ચલાવવું જરૂરી છે ? અને જરૂરી હોય તો તે શા માટે ? શું આપણે તે જરૂરિયાત પુરી પાડી શકીશું ? સ્વ.ભૂપેન્દ્રભાઈએ પોતાનું કર્તવ્ય યથાશક્તિ નિભાવ્યું. હવે આગળ શું ? બહારગામના કેન્દ્રોમાંથી પણ પૃચ્છા થઈ. સૂચનો આવ્યાં, અને કેન્દ્રમાં મનોમંથન જાગ્યું.

ટ્રસ્ટીઓની મિટીંગ થઈ. બહારગામથી આવેલા સૂચનો ઉપર વિચાર થયો. મને પણ મિટીંગમાં બોલાવેલો. હું હાજરથયો.

સહુએ મને કાર્યકારી તંત્રી તરીકેની જવાબદારી સોંપવાનું નક્કી કર્યું. ખરેખર મને તો મારું ચિંતન, મારી સાધના અને તેમાં થતી ફળશ્રુતિ રૂપ નોંધો કરવા સિવાય કોઈ જવાબદારી લેવાની ઈચ્છા નહોતી. મારે માટે આ ઢળતી સંધ્યાએ તે જ અતિમહત્વનું કામ હતું. પણ ટ્રસ્ટીમંડળનાં આગ્રહને તથા આ કાર્યદ્વારા જો શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પૂર્ણયોગની સમજણ સાચા



સાધકોમાં મારે કારણે કેળવાય તો ખોટું શું છે એ વિચારે મેં આ જવાબદારી સ્વિકારી છે. હું કોઈ પ્રકાશક નથી. લેખક તો નથી જ. તેથી મારા લખાણોને સિદ્ધહસ્ત સાહિત્યકનો દરજ્જો પ્રાપ્ત થશે કે નહિ તે હું જાણતો નથી. તે વિલક્ષણ ક્ષમતા સ્વ.ભૂપેન્દ્રભાઈમાં જરૂર હતી. મને તેની જરૂર લાગી નથી.

બીજું, શ્રી અરવિંદ અને શ્રી માતાજીના સાહિત્યનો મારો અભ્યાસ અને ચિંતન સતત ચાલુ જ છે. હજી મને સામોકાંઠો દેખાયો નથી. ત્યારે અધિકારવાણીથી હું લખી પણ નહિં શકું. પણ બે કારણોસર આ પ્રયત્ન કરી રહ્યો છું.

૧. શ્રી અરવિંદ અને શ્રી માતાજીને સંપૂર્ણ રીતે પચાવી શક્યો હોય એવી વ્યક્તિ હાલના તબક્કે હશે કે નહિ એની મને ખાત્રી નથી. કોઈકે તો તેને સમજાવવાની પહેલ કરવી જ પડશે. ભૂલો થવાની શક્યતા છે. અરે, નિશ્ચિત થશે જ. પણ મને એક અટૂટ શ્રદ્ધા છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજી તે ભૂલ કોઈને કોઈ દ્વારા મારા ધ્યાનમાં લાવશે. હું પ્રગતિ ઈચ્છું છું. ખુલ્લા રહેવાનો મારો સંકલ્પ છે. મારા માટે આટલું બસ છે.

૨ બીજું, ફક્ત શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં એક વિષય ઉપરનાં અવતરણો જ ફક્ત આપીને આપણે તે વિષે થોડું ઘણું જેઓ જાણે છે, તેમની સમજણ વધારી શકીશું. લખાણની શુદ્ધતા અને પ્રમાણિતતા સો એ સો ટકા જળવાઈ રહેશે. પણ જેઓ હજી શ્રી અરવિંદ અને શ્રી માતાજીની લખાણની શૈલીથી અપરિચિત છે, તેમનાં શબ્દપ્રયોગોથી અપરિચિત છે તેઓ વાંચશે જ નહીં અથવા પોતાની માન્યતાનુસાર જ તેનો અર્થ કાઢશે, જે શ્રી અરવિંદ અને શ્રી માતાજી વિષે વધારે ગેરસમજ ફેલાવી શકે છે. પરંપરાગત વિચારસરણીવાળાઓ તો અળગાજ રહેશે. એ વધારાનું નુકસાન છે.

આપણે શ્રી અરવિંદના બાળકોએ શ્રી અરવિંદ અને શ્રી માતાજીના સાહિત્ય તરફ ધૃતબુદ્ધિ અને તૈલબુદ્ધિથી જ જોવું, હાલના તબક્કે, ખૂબજ

જરૂરી છે. ધૃતબુદ્ધિ એટલે જેમ પાણીમાં ઘીનું ટીપું મુકીએ તો તે યથાવત્ રહે છે, તેમ ફક્ત શ્રી માતાજી અને શ્રી અરવિંદના લખાણોનો જ આગ્રહ રાખીએ, પૂર્ણ શુદ્ધતા અને પ્રમાણિતતાને જ ચોંટી રહીએ. કોઈ સમજણ ન આપીએ, આ એક ભૂમિકા છે. આ પંડીતોની ભૂમિકા છે. આને પંડા-બુદ્ધિ કહે છે, તૈલબુદ્ધિ એટલે પાણીમાં તૈલનું ટીપું નાખતા જ તે સમગ્ર પાણીની સપાટી ઉપર ફેલાઈ જાય છે અને ઈન્દ્રધનુષી રંગો રચે છે, તેમ તે લખાણોનાં બધાજ implications - આંતર નિર્દેશોને - વિવિધતા સાથે પ્રગટ કરવાં. આ બીજી ભૂમિકા છે. આ મેધાવી પુરૂષોની ભૂમિકા છે આને મેધાબુદ્ધિ કહે છે. આ તૈલબુદ્ધિના પ્રયોગોમાં ભૂલો થવાની વધારે શક્યતા છે. તેથી ધૃતબુદ્ધિ પણ જરૂરી છે, બન્નેના સમન્વયથી પ્રગતિની શક્યતાઓ પણ વધી જાય છે. જે ખુબજ મહત્વનું છે.

શ્રી માતાજીનું નીચેનું અવતરણ આ બાબતમાં સાચું લાગે છે. તેમ થાય તો જ વાંચનથી living experience જન્મે છે. અને સાચી પ્રગતિ થાય છે. માતાજી કાયમ આવી સમન્વયાત્મક બુદ્ધિ વાપરતા. આપણે તેને અનુસરવું જ યોગ્ય રહેશે.

It must answer an inner need for progress, a sponteneous need to progress, on some plane or other . On the mental plane is the most usual way, but if by chance it answers an inner aspiration, a problem one is tackling and wants to solve, then the question becomes interesting and living and truly useful. CWM Vol-9 P113.

'તેણે પ્રગતિની આંતરીક જરૂરીઆતને પુરી કરવી જરૂરી છે. એક ઉત્સ્ફૂર્ત સ્વરૂપની પ્રગતિ સ્વરૂપનાં કોઈ પણ સ્તરે ! માનસિક સ્તરની પ્રગતિ સર્વ સામાન્ય રીતે થાય છે. પણ સંજોગવશાત્ તે કોઈ આંતરિક અભિપ્સાને જવાબ



આપશે, એવા કોઈ સાધનાકીય સમસ્યાને, જે તે સાધક નિવારવા માગે છે અથવા તેને નિવારવા મથી રહ્યો છે, તો પછી આવી ઘટના રસીક બની જાય છે. જીવંત બની જાય છે. અને ખરેખર ઉપયોગી બની જાય છે.'

સહજ-સત્સંગને આ રીતે સાચા અર્થમાં ઉપયોગી કરવું પડશે, તો જ સહજ-સત્સંગની જરૂર છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીના સાહિત્યને ધૃત અને તૈલબુદ્ધિથી અભ્યાસી તેમાંનાં બધા જ ગુપ્ત અર્થોને યથાશક્તિ સશ્રદ્ધ ભાવે કોઈ પણ વિધાનને મરોડયા વગર, પ્રગટ કરવા જરૂરી છે. તે માટે કોઈ ટીકા કે નિંદાનો ભય રાખવાની જરૂર નથી. શ્રી અરવિંદનાં દિવ્ય-યોદ્ધા બનવું છે. એકાકી પણે લડવાનું છે. ભૂલ થશે તો શ્રી અરવિંદનાં અન્ય બાળકો સુધારી લેવામાં મદદ કરશે જ, તેવો વિશ્વાસ છે. આપણા સહુનો આ સામુહિક - યજ્ઞ બની રહેવો જોઈએ. એ મારી આંતરિક ઈચ્છા છે.

શ્રી અરવિંદ આ જ સમન્વયાત્મક પદ્ધતિથી વૈદિક-ઋષિઓની અનુભૂતિઓને અતિક્રમી ગએલાં. શ્રી માતાજી આ જ રીતે શ્રી અરવિંદના સાહિત્યને વર્ગોમાં સમજાવતા. આપણે તેમના પગલે ચાલીએ.

આ મારી ભૂમિકાથી મેં આ કાર્ય સ્વિકાર્યું છે તેથી આ તબક્કે આપ સહુ વડીલોનાં આશિર્વાદ સાથે -

I invoke the presence and blessings of Shri Aurobindo and the Mother. Let us come together, aspire together and work together for our divine parents

**- માનસિંહભાઈ ચાવડા**

# શ્રી અરવિંદોપનિષદ

(શ્રી અરવિંદોપનિષદ શ્રી અરવિંદે ૧૯૧૦ થી ૧૯૧૪ના સમયગાળામાં લખેલ છે. આ ઉપનિષદ ઉપર આશ્રમના શ્રી જગન્નાથ વિદ્યાલંકારે ગ્રંથ પણ લખ્યો છે. મુરબ્બીશ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્તે આની ઉપર ત્રણેક સેમીનાર પણ કર્યા છે. શ્રી કેવલ્યભાઈએ હાલમાં જ મુંબઈ કેન્દ્રમાં ૨૧ થી ૨૩ માર્ચનો ત્રિદિવસીય સેમીનાર આયોજ્યો હતો

આ મહત્વના આધુનિક-ઉપનિષદ ઉપર લેખમાળા લખવાનો સંકલ્પ સ્ફૂર્યો અને શ્રી કૈવલ્યભાઈ સ્માર્તે મને બનતી મદદ કરવાનું વચન આપ્યું. વિશેષતઃ મુરબ્બીશ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્ત (પપ્પાજી)ની આ ઉપરની પુસ્તિકા છે. તે પુસ્તકના સંદર્ભ સાથે આપણે શ્રી અરવિંદે લખેલ શ્રી અરવિંદોપનિષદ ઉપરની લેખમાળા આ સાથે શરૂ કરીએ છીએ. જેઓ 'દિવ્ય-જીવન' જેવાં અઘરા અને સૂક્ષ્મ તર્કોથી સમજાય એવા ગ્રંથોને સમજવામાં મુશ્કેલી અનુભવે છે, તેમને દિવ્ય-જીવનનાં સાર-રૂપ આ ઉપનિષદની સમજણ પાયારૂપ-વસ્તુ બની રહેશે. શુદ્ધ અને વિશાલ પાયા ઉપર સાધનાને મૂકી દેશે - તંત્રી.)



## ॥ ૐ ॥

શ્રી અરવિંદોપનિષદની શરૂઆત ઓમથી થાય છે.

પંતજલી સમાધિપાદમાંનાં ૨૭માં સૂત્રમાં આને 'પ્રણવ' કહે છે અને તે ઈશ્વર-વાચક છે એમ જણાવેલ છે (તસ્ય વાચકઃ પ્રણવઃ)

પ્રણવનો અર્થ પ્રકર્ષેણ નૂતનં ભવતિ ઈતિ પ્રણવઃ - અર્થાત જે તત્વ ભૂતકાળને સદંતર ખંખેરીને સદા વર્તમાન કાળમાં જ જીવે છે તે પ્રણવ છે. એ ચેતનાની એવી સ્થિતિ છે જેમાં ભૂતકાળની સ્મૃતિ કે ભવિષ્યકાળનાં સપનાં પોતાની મલિનતાથી ચેતનાને મલિન કરતાં નથી. સારાંશ એ ચેતનાની સ્વ સભાનતા છે. સાક્ષીભાવ છે. તે શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપભાવ છે. 'તદ્' નો ભાવ છે. બ્રહ્મભાવ છે. શુદ્ધ સર્વવ્યાપક ચેતનાનો ભાવ છે. તેની સક્રિય અવસ્થા તે જ પ્રણવ. ઓંકારની કાર્યશીલતા એ પ્રણવ છે, પ્રણવને નાદ સ્વરૂપ ગણ્યો છે. ચેતનામાં ઉઠતાં તરંગો જ તે પછી વિચાર, ભાવના કે કર્મ કરવાની પ્રેરણા કે ઈચ્છા સ્વરૂપે આકાર લેતાં હોય છે. આ તરંગોનાં બે પાસા છે. પ્રકાશમય આકાર જેને 'રૂપ' કહેવામાં આવે છે અને નાદ સ્વરૂપ જેમાંથી જ સ્વર-વ્યંજનો સ્વરૂપ વર્ણો નિર્માણ થઈને તેમાંથી 'નામ' રચાય છે. તેથી 'નામ' અને 'રૂપ' આ બે ચેતનાના તરંગના બે અવિભાજ્ય પાસા છે. જેમને રૂપ છે, તેને નામ છે જ. જેને નામ છે તેને રૂપ છે જ. કદાચ તે નામનું 'રૂપ' અથવા 'રૂપ'નું નામ આપણને ખબર ન હોય એ શક્ય છે. પણ તે આપણી અજ્ઞાનતા છે. વસ્તુમાં નામરૂપનો અભાવ નથી.

નાદ કૃત્રિમ રીતે નિર્માણ કરેલ નથી. બે વસ્તુ અથડાવીને નિર્માણ કરાતો નાદ એ નાદને અભિવ્યક્ત કરવાની, પ્રગટ કરવાની પ્રક્રિયા છે. નાદ અવ્યક્ત પણ હોય જ છે. કારણ માનવી સંવેદનોની મર્યાદાઓ છે. તે મર્યાદા બહારનાં નાદ અવ્યક્ત જ રહે છે. નાદ સનાતન વસ્તુ છે. તે જન્મતો નથી. આવા સિદ્ધાંતને જ 'સ્ફોટવાદ' કહે છે. સ્ફોટવાદ એટલે બ્રહ્માંડની ઉત્પતિ દર્શાવતી

Big Bang Theory નથી. પણ અસ્ફૂટ વસ્તુ સ્ફૂટ બને છે, પ્રગટ થાય છે, એમ જણાવતો તે સ્તકાર્યવાદનું એક આગવું સ્વરૂપ છે. સત્કાર્યવાદ એટલે કારણમાંજ કાર્ય શૂક્ષ્મરૂપે રહે છે. નવું કાંઈ નિર્માણ થતું નથી. જે અવ્યક્ત છે તે જ વ્યક્ત થાય છે આવો સિદ્ધાંત. (નાસતે વિદ્યતે ભાવોના ભાવો વિદ્યતે સતઃ - ગીતા)

પરમ-ચેતના જ્યારે પોતામાં જ એકાગ્ર હોય છે. ત્યારે તેમાં પણ સભાનતા સ્વરૂપ શૂક્ષ્મ તરંગો નિર્માણ થતાં જ હોય છે. પરમ-ચેતના અને તેની સભાનતા જુદા થઈ જ શકતા નથી. પણ તે વખતે આ સભાનતાના તરંગો અવ્યક્ત હોય છે.

આવા તરંગોને જ કૈવલ્યભાવ, સર્વજ્ઞતા, સનાતનતા, સર્વશક્તિમત્તા વગેરે કહે છે. ઉત્કટ રીતે અનુભવાતી (પ્ર) અને સતત તરોતાજા રીતે પ્રસન્નતાથી અનુભવાતી (નવ) સભાનતા એ જ 'પ્રણવ' છે.

આને જ ઓંકારનાદ કહેવામાં આવે છે. ઓંકારમાં ત્રણ વર્ણો છે. અ+ઉ+મ. બાવન વર્ણમાંથી આ ત્રણ જ વર્ણો શા માટે નક્કી કર્યાં. તે પાછળ તર્ક-સંગતિ છે.

આપણે જે બાવન વર્ણો બોલીએ છીએ તેમાં સોળ સ્વર અને છત્રીસ વ્યંજનો છે. કુલ બાવન છે. આ બધા જ વર્ણોનાં ઉચ્ચાર માટે કંઠથી હોઠ સુધીના વિવિધ અંગો સ્વતંત્ર રીતે કે સંયુક્ત રીતે વપરાય છે. આ અંગોમાં કંઠ સહુથી પ્રથમ, તાળવું વચલું અને હોઠ સહુથી છેલ્લુ અંગ છે. જે અંગથી વર્ણ બોલાય તે મુજબ વર્ણોનાં સમુહ પાડેલાં છે, જેમને સંસ્કૃતમાં, કંઠય, તાલવ્ય, દંત્ય, ઓષ્ઠય આવાં નામ આપેલાં છે. બધામાં જીભની થોડીક હાલચાલ કે સ્થિર અવસ્થા જરૂરી હોય છે. તેથી તેનો આ નામોમાં ઉલ્લેખ નથી. આ પૈકી અ ઉ અને મ ની સ્થિતિ નીચે મુજબ છે. અ કંઠય છે, ઉ તાલવ્ય છે અને મ ઓષ્ઠય છે. આ તેમની પ્રથમ, મધ્ય અને અંતિમ અંગના ઉપયોગથી ઉચ્ચારવાની જરૂરિયાતને કારણે તે ત્રણેને પસંદ કરેલાં છે. તે પછી આ અકાર, ઉકાર અને મકારની માત્રાનાં ઉપનિષદોમાં જુદી જુદી વસ્તુઓનાં પ્રતીકો ગણ્યાં છે. દા.ત. જાગૃત, સ્વપ્ન સુષૃપ્તિ અવસ્થા, અથવા વૈશ્વાનર, તેજસ અને પ્રાજ્ઞ આ ચેતનાની ત્રણ કક્ષાઓ, ભૂ, ભૂવ, સ્વ ત્રણ



લોક અને સત્વ, રજુતમો ગુણ આ ત્રિગુણ વગેરે.

નાદ અને વર્ણ વચ્ચે શૂક્ષ્મ ભેદ છે. એક વર્ણ અને બીજા વર્ણ વચ્ચે તફાવત પાડી શકાય છે. જ્યારે નાદમાં હજી તેવો ભેદ પડેલો હોતો નથી. શાંત સરોવર નાદ સ્વરૂપ છે. તેમાં નિર્માણ થતી વિવિધ આકારની લહેરીઓ વર્ણ સ્વરૂપ છે. દરેક વર્ણ નાદનું જ વિશિષ્ટ સ્વરૂપ છે.

કહે છે કે આર્ય-પ્રણાલિમાંનો ઓમ, ઈસ્લામીક પ્રણાલિમાંનો 'આમીન' અને ખ્રિશ્ચન પ્રણાલિમાંનો 'આમેન' ત્રણેની વ્યુત્પત્તિ એક જ છે.

આપણે જે ઓંકાર લખીએ છીએ તે અ+ઉ+મ નો જ કલાત્મક સંગમ સ્વરૂપ છે. તેના ઉપરની અર્ધમાત્રા સ્વરૂપ ચંદ્રકળાનો યોગીક અર્થ નીચે મુજબનો છે. બધા જ વર્ણોમાં વ્યાપ્ત નાદ દર્શાવવા બધા જ અક્ષરોને આવરી લેતી એક રેખા દર્શાવવામાં આવે છે. તે અઉમ આ વર્ણોના ઉર્ધ્વભાગમાં દર્શાવાય છે. તેની ઉપર એક અનુસ્વાર હોય છે અને તે વર્ણોનું કારણ સ્વરૂપ અવ્યક્ત અવસ્થા છે. બિન્દુ સૂક્ષ્મતા અને અવ્યક્તતા દર્શાવવા માટે છે. તેને આપેલો ચંદ્રકળા જેવો કલાત્મક વળાંક તે સ્વયં પ્રકાશિત ચેતના સ્વરૂપ છે. બીજ કે ચોથના ચંદ્ર જેવું તેનુ સૌમ્ય સ્વરૂપ છે. તે જ વેદોમાં 'સોમ' છે.

આવી રીતે ઓંકાર શબ્દ બન્યો છે અને લખાય છે.

તે ઈશ્વર વાચક છે એમ પંતજલી જણાવે છે. ઈશ્વર એટલે પરમ-ચેતનાનું સક્રીય સ્વરૂપ. તેની સહાય વગર અધ્યાત્મ-વિદ્યા શક્ય નથી. તેથી જ સર્વ કાર્યોની શરૂઆતમાં 'ઓમ'નો ઉચ્ચાર કરવાની ભારતીય-પ્રથા છે.

અરવિંદોપનિષદનો પણ તે આ રીતે પ્રથમ શબ્દ છે. આનો અર્થ છે પ્રભુમાં સંકલ્પ સ્ફૂર્યો. તેણે ચેતનામાં તરંગો, છંદો, નિર્મ્યા. તેમાંથી નાદ વ્યક્ત થયો. તેમાંથી વૈશ્વિક દિવ્યશક્તિઓ પ્રવાહિત થઈ. તેમની મદદથી આ અધ્યાત્મ વિદ્યા શિખવી છે. આ ભાવ સાથે આજે પ્રારંભ કરીએ છીએ.- શ્રી અરવિંદોપનિષદનો.

# પ્રાર્થના અને ધ્યાન

માતાજી ફ્રાન્સ અને જપાનમાં હતાં ત્યારે પોતાની અધ્યાત્મિક અનુભૂતિઓની ડાયરી લખવાની શરૂઆત કરી. માતાજી કહેતાં કે પ્રાર્થના જો લખીએ તો તે પ્રાર્થના વધારે સ્પષ્ટ, નિસંદિગ્ધ અને પ્રભાવી બની જાય છે. લખતી વખતે થતી એકાગ્રતા તે પ્રાર્થનાને ધ્યાનમાં પલટી નાંખે છે. 'પ્રાર્થના અને ધ્યાન' આ નામનું આ ગૂઢ-રહસ્ય છે.

'પ્રાર્થના અને ધ્યાન'માં આપણને સાધનામાં થતી અને આપણા ધ્યાન બહાર રહેતી આપણી ભૂલોની સાચી સ્પષ્ટ સમજણ મળે છે. ઘણી ગેરસમજ દુર થાય છે. સાધનામાં ચાલતી પ્રક્રિયાઓનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. સાધનામાંના પતનો બાબત અગમચેતી રખાય છે. પતનનાં ક્ષોભમાંથી ઉપર ઉઠાય છે. માનવી ઉતાવળને જીતાય છે, અને આવું તો ઘણું બધું થાય છે, જે સાધકને ઉપકારક છે અને ઉપયોગી છે.

તેથી આ સાથે માતાજીનાં 'પ્રાર્થના અને ધ્યાન' પુસ્તકમાંથી ચુંટેલા ફકરાઓ અને તેનું વિવેચન આપવા માટે આ લેખમાળા શરૂ કરીએ છીએ. ફકરા નીચે



દર્શાવેલ પેજ નંબર શ્રી સુંદરમ્ અમીધર ભટ્ટ, સુધા સુંદરમ્ અને ઉષા દેસાઈએ કરેલા ગુજરાતી ભાષાંતરની ૧૯૯૫ની આવૃત્તિનાં છે. સાથે પ્રાર્થનાની તારીખ પણ આપીએ છીએ, જેથી અંગ્રેજી પુસ્તક પણ જોઈ શકે. શ્રી અરવિંદ આશ્રમનું જ ગુજરાતી પ્રકાશન છે. -તંત્રી)

''શાશ્વત પ્રભુ શાંતિમાં અને નીરવતામાં પ્રગટ થાય છે; કોઈ પણ ચીજ તમને ક્ષોભ કરે એમ ન થવા દેશો અને શાશ્વત પ્રભુ પ્રગટ થશે; સર્વ વસ્તુ સામે સંપૂર્ણ સમતા ધારણ કરો અને શાશ્વત પ્રભુ ત્યાં હાજર થશે... હા, અમારે તને શોધવાની સાધનામાં વધુ પડતી તીવ્રતા, વધુ પડતાં પ્રયત્ન ન લઈ આવવાં જોઈએ; એ પ્રયત્ન અને તીવ્રતા તારી સમક્ષ એક આવરણ બની રહે છે; .... અત્યંત પૂર્ણ એવી શાંતિમાં, સ્વસ્થતા અને સમતામાં જ સર્વ કાંઈ તું રૂપે બની રહે છે.... આ પૂર્ણ રૂપે શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણમાં સહેજ પણ આંદોલન ઉભું થાય તો તે તારા આવિર્ભાવમાં વિઘ્નરૂપ બને છે. નહિં ઉતાવળ, નહિં અસ્વસ્થતા, નહિં વ્યાકુળતા, તું, તારા સિવાય કાંઈ જ નહિં.... સર્વ કાંઈ એક પુનિત શાંતિ અને પવિત્ર નીરવતા બની રહે છે.... અને એ..... જગતમાંનાં સર્વ ધ્યાન કરતાંયે વધુ સારું હોય છે.''

(પ્રાર્થના અને ધ્યાન પેજ ૭-૮, તા.૫.૧૨.૧૨)

આપણા પૂર્ણયોગનો પાયો છે આધારમાંની શાંતિ... પૂર્ણ પ્રશાંતિ, જ્યાં સુધી આધાર શાંત અને એકાગ્ર નહિ થાય ત્યાં સુધી સાધનાની શક્તિ ફૂટેલા પાત્રમાં જ સંગ્રહવાનો પ્રયત્ન ચાલુ છે એમ સમજવું પડશે. સાધનામાં મળતી દૈવી-સહાય અને કૃપા વેડફાઈ જશે. તેની ગળતીને રોકી નહિ શકીએ.

આધાર એટલે આપણું મન, આપણો પ્રાણ અને આપણું શરીર. મન વિચારો નિર્માણ કરે છે. પ્રાણ ભાવનાઓ અને શરીર કાર્ય નિર્માણ કરે છે. આ બધા સાથે જ કામ કરતા હોવાથી અલગ અલગ જાણી શકાતાં નથી.

મનમાં સતત વિચારોનો હેવીટ્રાફીક ચાલતો હોય, વિચારોનો ઘોંઘાટ હોય, રવ હોય તો મનને નિરવ, રવ વગરનું, કહી શકાતું નથી. રવ એટલે ધ્વનિ, દા.ત. ઘંટારવ. મનમાં વિચારોનું વાવાઝોડું ઉપડયું હોય તો મન ચકડોળે ચડેલું હોય છે. પ્રાણમાં વિકારો અને વાસનાઓનો ચક્રવાત ઉપડયો હોય તો હૃદય, અંતકરણ ચક્રાવે ચડે છે. તે શાંત રહેતું નથી. શરીરમાં રોગ અને શારીરિક નાનામોટા શરદી જેવા, તાવ જેવા કે શરીરમાં ઉપડેલી ચળ જેવા વિકારો વારંવાર નિર્માણ થાય તો શરીર સ્વસ્થતા ગુમાવે છે, કારણ આ શરીરનાં વિકારો પિંઢારાઓની જેમ આપણી સ્વસ્થતાને લુંટતા જ હોય છે.

આ ત્રણે વસ્તુઓનો ઉપદ્રવ-વિચારોનો, વાસનાઓનો અને શારીરિક - વિકારોનો શમી જવો જ જોઈએ. પૂર્ણ ન શમે તો કાંઈ નહિં પણ તે સર્વ સાધારણ મન. હૃદય અને શરીરનાં સ્વાસ્થ્ય સ્વરૂપે તો સ્થાપિત કરવું જ પડશે. કારણ આધારમાં પ્રશાંતિ સ્થાપન કરવી જરૂરી છે. પણ પ્રશાંતિની પૂર્ણ સ્થાપના વગર સાધના ન જ કરાય એ તો ગેરસમજ છે. સર્વ સાધારણ શાંતિ અને સંવાદમયતા સ્થાપવી એટલે સાધનાની પૂર્વ તયારી થઈ ગણાય. પછી સાધના જ શાંતિને પ્રશાંતિમાં ફેરવી નાખશે. તેથી પ્રસન્ન, નિરામય, ઉત્સાહી અવસ્થામાં સાધનાની શરૂઆત કરવી જરૂરી છે.

આવી સ્વસ્થતામાં પ્રભુ પોતાની રીતે પ્રગટ થવા પ્રયત્ન કરતાં હોય છે. પ્રભુ એટલે કોઈ દૈવી સ્વરૂપ કે દેવી દેવતા નહિં પણ પરમ-ચેતના પોતે. તેથી માતાજી પ્રભુની આગળ શાશ્વત વિશેષણ લગાડે છે શાશ્વત એટલે સનાતન. દેવી દેવતાઓ તે તો શાશ્વત - પ્રભુની વિભૂતિઓ છે. દિવ્ય-આવિર્ભાવ સ્વરૂપ છે. તે પ્રભુની સક્રીય બાજુ છે. શ્રી અરવિંદ તેને દેવતાઈ-જગત કહે છે. અધિમનસ કહે છે.

શાશ્વત પ્રભુ એ એક નિર્મળ, સર્વવ્યાપિ, પ્રકાશ સ્વરૂપ, શુદ્ધ, નિરાકાર ચેતના છે. પૂર્ણ સભાન ચેતના છે. જેમાં સાકાર થવાની, રંગરૂપ લેવાની ક્ષમતા



છે. ગુણધર્મો ધારણ કરવાની ક્ષમતા પણ છે. તે સર્વશક્તિમાન ચેતના છે. એવી ચેતના એ જ શાશ્વત પ્રભુ.

આવા શાશ્વત પ્રભુ આપણા આધારની શાંતિમાં અને નિરવતામાં પ્રગટ થાય છે. જેમ શાંત સ્થિર, નિર્મળ જળમાં સૂર્યનું પ્રતિબિંબ ઝળહળી ઉઠે તેમ આપણા અન્તકરણનાં નિર્મળ અરીસામાં શાશ્વત પ્રભુનું પ્રતિબિંબ ઝીલાય છે. આપણા અંતકરણને નિર્મળ કરવું એટલે જ ચિત્તશુદ્ધિ.

આવા નિર્મળ ચિત્તમાં શાશ્વત પ્રભુનું જ્યારે પ્રતિબિંબ પડે છે ત્યારે સાધકને જીવન ભર્યું ભર્યું લાગે છે. જીવન સાર્થક થતું લાગે છે. આંતરીક સુખ અને આનંદના ઝરણા ખળખળાટ વહેતાં લાગે છે. બધા પ્રત્યે અકારણ દિવ્ય-પ્રેમ વહે છે. આંખોમાં પ્રસન્નતા, હૃદયમાં સંતોષ, શરીરમાં સ્ફૂર્તિ બધું જ અનુભવાય છે. સાધક નિર્મળ શાંત જળમાં ક્રીડા કરતી માછલીની જેમ મુક્ત જીવન જીવે છે.

પણ સાધકને તો સંસારની જવાબદારી હોય છે. આપણી અપેક્ષાનુસાર જ બધું થતું નથી. કુટુંબના સભ્યો કે ઓફીસનો સ્ટાફ, મિત્ર વર્ગ કે શેરીના પડોશી કોઈ પણ તેના મનમાં, હૃદયમાં ક્ષોભ પેદા કરી શકે છે. આવું થાય તો સાધકે શું કરવું જોઈએ ? માતાજી તેનું માર્ગદર્શન આપે છે. માતાજી જણાવે છે સર્વ વસ્તુ સામે સંપૂર્ણ સમતા ધારણ કરો; સર્વ વસ્તુનો અર્થ છે સુખ આપતી કે દુઃખ આપતી બધી જ વસ્તુઓ સામે સમતા ધારણ કરો. સુખ આપતી વસ્તુઓ તરફ સમતા નહિં રાખો તો આવતી કાલે તે ન મળતાં તે જ ક્ષોભનું કારણ બની જશે. દુઃખદાયક વસ્તુઓ તરફ પણ સમતા ધારણ કરો. 'સુખદુઃખો સમૌ કૃત્વાં' એમ ગીતા જણાવે છે. બન્નેમાં સમતા ધારણ કરવાની છે. કેવી રીતે આ સમતા ધારણ કરશો તે માટે નીચેના ઉપાયો યોગમાં દર્શાવેલ છે.

૧. સુખ અને દુઃખ આપણા કર્માનુસાર આવે છે. તેમાં કોઈ વ્યક્તિ જે તેનું નિમિત્ત બને છે, તેની કોઈ જવાબદારી હોતી નથી. તેથી તેમની પ્રત્યે કોઈ

રાગ કે ક્રોધ ન કરવો.

૨. સુખ અને દુઃખનું ચક્ર તો અવ્યાહત ઉપર નીચે ચાલતું જ હોય છે. તેથી આવેલું સુખ કે દુઃખ પણ સ્થાયિ નથી. તે પણ જતું જ રહેશે. તેવી મનની તૈયારી રાખવી.

૩. સુખ અને દુઃખ એ તો પ્રભુએ મોકલેલી ભેટ સોગાદો છે તેમને પ્રેમથી સ્વિકારવી જોઈએ.

૪. દુઃખ દ્વારા પ્રભુ કાંઈ શિખવવા માગે છે. કોઈ ભૂલ જે આપણી ધ્યાન બહાર રહેલ છે, તે દર્શાવવા માંગે છે. તે માટે આંતર-ખોજ કરીને પ્રભુનો ઉદ્દેશ શોધી કાઢવો.

૫. સુખ-દુઃખ આપણા પ્રગતિ માટે જરૂરી છે તેથી તેનો સાધના વધારવા કુશળતાથી ઉપયોગ કરી લેવો.

૬. હું આત્મ સ્વરૂપ છું. મારે આ જીવનની ઉથલપાથલો સાથે કોઈ સંબંધ નથી. હું તો સત-ચિત્-આનંદ સ્વરૂપ આત્મા છું. એવો નિર્લેપ ભાવ રચવો.

૭. સાધનામાં આવી ચડતી-પડતી તો આવશે જ તેમાં ખેદ શો ? એવો ભાવ રાખવો.

૮. મને પ્રભુનું સંરક્ષણ છે પછી મને શા માટે ક્ષોભ નિર્માણ થાય એવો વીરભાવ રાખવો.

૯. પ્રભુ જ મારી સાધનાના માર્ગદર્શક, સંચાલક ગુરૂ છે તો પછી મારી સાધનામાં ખલેલ પડવી શક્ય જ નથી. તે જ પાર ઉતારશે, એવી શ્રદ્ધા રાખવી.

વિવિધ સાધકોએ પોતાની પ્રકૃતિ અનુસાર આવી તો અનેક યોગિક યુક્તિ-પ્રયુક્તિઓ કરેલી છે. સાધક જો સાચા અંતકરણથી પ્રભુને સમર્પિત હશે તો તેની પ્રકૃતિને અનુરૂપ ઉકેલ પ્રભુ પોતે જ તેને અચૂક આપશે જ, તેમાં કોઈ મીનમેખ નથી.

આ પ્રમાણે કરશો તો માતાજી જણાવે છે કે 'શાશ્વત પ્રભુ ત્યાં હાજર થશે.' ત્યાં એટલે ચિત્તમાં, અંતકરણમાં. ત્યાં તેમની મધુર હાજરી જણાશે.



માતાજી સાધનામાંની ઉપરની સર્વસામાન્ય મુશ્કેલીઓ કરતાં હવે વધારે શૂક્ષ્મ મુશ્કેલીઓ અને સાધકની ધ્યાન બહાર રહેતી ભૂલો પ્રત્યે તેમને સજાગ કરે છે.

સાધક નવી નવી સાધનાની શરૂઆત કરે છે, ત્યારે સાધના કરવાનો અતિઉત્સાહ અને ઉમંગ હોય છે. તે સાધનાના તત્કાલિક ફળ જોવા માંગે છે. થોડી ઘણી અનુભૂતિઓ પણ આવે છે. અપેક્ષિત ફળ પણ મળે છે. પણ આ તો તેની શ્રદ્ધાનો ખીલો ખોડવાનો નિસર્ગનો પ્રયત્ન હોય છે. પછી અનુભૂતિઓ આવવાનું બંધ થઈ જાય છે. તેથી શ્રદ્ધા ડગી જાય છે. ત્યારે ફરી અનુભૂતિઓ આવે છે. આમ ખીલો ઉંડોને ઉંડો ખોડાય છે. હવે પછીનો કપરો તબક્કો શરૂ થાય છે. કુદરત સકામ ભક્તિમાંથી સાધકને નિષ્કામ ભક્તિ તરફ દોરવા, તેને તે તરફ ધકેલે છે. અને તેવે વખતે સાધકને પ્રભુદર્શન પ્રાપ્તિની વ્યાકુળતા હચમચાવી મુકે છે. ભક્તિમાંની આ પણ કક્ષા છે. પણ આવી વ્યાકુળતા એ ભક્તિની અંતિમ શ્રેષ્ઠ અવસ્થા નથી. શાંત પ્રસન્ન નિષ્કામ ભક્તિ જ શ્રેષ્ઠ છે. પ્રભુ પ્રાપ્તિની ઉતાવળ તેના ચિત્ત-તંત્રને ક્ષુબ્ધ કરી નાખે છે. તેની સાધનામાં હઠીલાપણું લાવે છે. આ ઘટના ખરેખર પ્રશાંત આધાર માટે અપાયકારક છે. પ્રભુ એટલી જ દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવે છે, જેટલું સાધકનો આધાર ખમી શકે. આ નૈસર્ગિક સમતુલા સાધકના પેલા ઉગ્ર પ્રયત્નથી બે રીતે ખોરવાય છે.

૧. દિવ્ય-શક્તિઓનું સહજ થએલું અવતરણ પણ તે સાધકનો આધાર ક્ષુબ્ધતાને કારણે ધારણ કરી શકતો નથી.

૨. બીજી બાજુ, તેની ઉગ્ર સાધના વધારે અવતરણની માંગણી કરે છે. જે અવતરણ ઝીલવું તેને શક્ય જ નથી.

બન્ને વસ્તુ આધારને નુકસાનકારક છે. તેથી કુદરત આ પ્રક્રિયાને સ્થગિત કરી નાખે છે. અને તે પણ સાધકના હિતમાં. તેના આધારને બચાવવાનું જાણે

રેસ્ક્યુ ઓપરેશન થાય છે.

સાધકની સાધનામાં એક તમસનું આવરણ ચડી આવે છે. તેથી જ માતાજી જણાવે છે કે પ્રભુના સાક્ષાત્કાર માટે ઉતાવળ કરીને સાધનામાં વધુ પડતી તીવ્રતા અને અતિરેકી ક્રિયાશીલતા તેની અને પ્રભુ વચ્ચે એક આવરણ ખડું કરી દે છે.

માતાજી જણાવે છે કે અત્યંત પૂર્ણ એવી શાંતિમાં, સ્વસ્થતામાં અને સમતામાં જ સર્વ કાંઈ પ્રભુ રૂપે બની રહે છે. આવી સ્વસ્થતા, શાંતિ અને સમતામાં જ આધારની ગ્રહણશીલતા વધે છે. તે પ્રભુની દિવ્ય-શક્તિઓને ધારણ કરી શકે છે અને તેથી પ્રભુની હાજરી ત્યાં પ્રગટ થતી અનુભવાય છે.

આવી હાજરી વખતે થોડુક પણ આંદોલન કે વિક્ષેપ પ્રભુની હાજરીને ઝાંખી પાડી દે છે. પ્રભુ તો બધે હાજર જ છે - કાયમી સ્વરૂપે. આપણી અંધતાને કારણે તેઓ દેખાતા નથી. સૂર્ય તો ઢંકાતો જ નથી. વાદળાંથી આપણી દૃષ્ટિ ઢંકાઈ જાય છે, તેવી આ વાત છે. તેથી તેવું કોઈ આવરણ ન રચાય માટે ઉતાવળ, વ્યાકુળતા અને અસ્વસ્થતા છોડવા આપણને જણાવે છે. જ્યારે બધા જ વિઘ્નો અને અવરોધો હઠી જશે, ત્યારે માતાજી જણાવે છે કે ચિત્તમાં એક પુનિત શાંતિ અને નિરવતા સ્થપાશે. અને સ્વયંપ્રકાશિત પ્રભુ પ્રગટ થશે.

આવી પ્રભુની હાજરીથી પરિપૂર્ણ ચેતનાની અવસ્થા જગતનાં જાણીતા બધા ધ્યાનો કરતાં પણ શ્રેષ્ઠ ધ્યાન છે.

સાધનામાં પ્રાણમય આવેગો અને ઉતાવળ હાની પહોંચાડે છે એ સાધનાનું સત્ય છે. આધારની શાંતિ અને નિરવતા સાધના માટેની મૂલભૂત જરૂરિયાત છે.

આ જ સત્યની સમજણ એ આ પ્રાર્થનાનું રહસ્ય છે.



# સાવિત્રી–સાર

## પ્રકરણ-૬૬ : **"ચૈત્ય પુરૂષનો આવિર્ભાવ"**

Then came the abrupt transcendent miracle:
The masked immaculate Grandeur could outline,
At travail in occult womb of life,
His dreamed magnificence of things to be.
A crown of the architecture of the worlds,
A mystery of married Earth and Heaven
Annexed divinity to the mortal scheme.
A seer was born, a shining Guest of Time.
For him minds limiting firmament ceased above.
In the griffin forefront of the Night and day.
A gap was rent in the all-concealing vault,

Savitri B-1 ,C-3, P - 25

અશ્વપતીએ ધારણ કરેલી દિવ્ય-હાજરીમાં સળવળાટ થવા લાગ્યો હતો. તેણે પોતાનું કાર્ય શરૂ કરવાનો જાણે નિર્ણય લઈ લીધો હતો. તે હાજરીની

આસપાસ જે ધીમીગતિએ દિવ્યપ્રકૃતિનાં તત્વો આવીને ધીમે ધીમે ગોઠવાતા હતાં અને હાજરીમાંથી આવતા આંદોલનોનુસાર પોતાનાં ઘાટ ધારણ કરી રહ્યાં હતાં, તે પ્રક્રિયામાં વધારે ને વધારે ગતિ આવવા લાગી. જેમ માતાના ગર્ભમાંનાં શિશુના અંગો પ્રસૂતિ પહેલાના મહિનાઓમાં ઝડપથી વિકાસ પામી નિશ્ચિત પૂર્ણતા પ્રાપ્ત કરી લે તેવી જ ઉતાવળ હવે હાજરીની ફરતે ગોઠવાતા દિવ્ય-પ્રકૃતિના ઘટકોમાં દેખાવા લાગી.

અંતે સમય આવી પહોંચ્યો અને....

અચાનક એક ઘટના બની. પોતાનું નિયત સ્વરૂપ ધારણ કરેલો ચૈત્યપુરૂષ પ્રગટ થયો. જ્યાં સુધી ચૈતસિક-તત્વની આજુબાજુ દિવ્યપ્રકૃતિનાં ઘટકો દ્વારા કોઈ સ્વરૂપની બાંધણી થતી નથી. કોઈ વ્યક્તિત્વ રચાતું નથી. ત્યાં સુધી તેને ચૈતસિક તત્વ (psychic element) કહેવાય છે. તે અણઘડ હોય છે. તેની ઉપર તેણે ધારણ કરેલા પ્રભુના સંકલ્પનું તેને કંડારવાનું કામ શરૂ થએલ હોતું નથી. મકાન બાંધતા પહેલાં જેમ ઈંટો, રેતી, સીમેંટનાં થપ્પા પડેલાં હોય તેમ વિવિધ તત્વો પડેલાં હોય છે. જ્યારે પ્રભુનો સંકલ્પ તેમનો ઉપયોગ કરીને પોતે ધારેલો નિયત ઘાટ આપવાની શરૂઆત કરે છે અને તેની દ્વારા પોતે ચેતના તરીકે પ્રગટ થવા માંડે છે ત્યારે તેને 'પુરૂષ' કહેવાય છે. (psychic being) આવી રીતે ચૈતસિક તત્વનો ચૈત્યપુરૂષ તરીકેનો થોડોઘણો ઘાટ રચાઈ ગયો હતો અને તેથી તેણે જીવનરૂપી નાટ્ય-શાળામાં પ્રવેશવાનો નિર્ણય લીધો. તેનો આ રીતે થએલો પ્રવેશ એ જ આ અદ્‌ભૂત ઘટના હતી. શ્રી અરવિંદ જણાવે છે કે "Then came the abrupt transcendent miracle". શ્રી અરવિંદ આને transcendent કહે છે કારણ તે ચૈતસિક તત્વ આપણા મન, પ્રાણ, શરીર કરતાં પણ ઉર્ધ્વકક્ષાનું હતું. મન, પ્રાણ શરીર રૂપી આધારથી અતીત એટલે transcendent.

આ અદ્‌ભૂત અને આધારાતીત ઘટના શું હતી ? તો શ્રી અરવિંદ જણાવે છે કે પેલા દિવ્ય-હાજરીની જે આંતરીક-ભવ્યતા હતી તેને હવે પ્રગટ થવા માટે



એક માધ્યમ મળી ગયું હતું. અત્યાર સુધી એ હાજરીની મહત્તા અવ્યક્ત હતી. હવે તે વ્યક્ત થવા લાગી હતી. પણ હજી તે પૂર્ણ રીતે વ્યક્ત થઈ શકતી નહોતી. તેથી શ્રી અરવિંદ લખે છે કે "could outline" તે પ્રાથમિક રીતે પ્રગટ થવા લાગી હતી. ચૈતસિક કક્ષાની નીચેના સ્તરે તો હજી કોઈ ગોઠવણ જ થઈ નહોતી. મન, પ્રાણ શરીરનાં કોષો તો હજી રચાયાં જ નહોતાં. આ તો વિજ્ઞાનમય કોષ રચાવાની શરૂઆત થઈ હતી. હાજરી પોતે આનંદમય કોષમાંથી પ્રગટ થવા લાગી હતી અને હવે વિજ્ઞાનમય કોષ રૂપી ગૂઢ ગર્ભાશયમાં પ્રસૂતિ-વેદના ઉપડી હતી. વિજ્ઞાનમય કોષમાં સ્વરૂપની બાંધણીની શરૂઆત થાય છે અને અવ્યક્ત ચેતના સાકાર સ્વરૂપે વ્યક્ત પણ થવા લાગે છે. પણ હજી તે ચેતનામાં અહંકારની સ્ફૂરણા અથવા ભાવનાનો અભાવ હોય છે. પોતે વિશિષ્ઠ સ્વરૂપમાં તે ચેતના બંધાયેલી હોતી નથી. આવા અનંત વિજ્ઞાનમય કોષો દ્વારા પોતે પ્રગટ થઈ રહી છે એવી જ તે ચેતનાનો ભાવ હોય છે. આવા ભાવ સાથેની ચેતનાનેજ શ્રી અરવિંદ વિજ્ઞાનમય ચેતના અથવા અતિમનસ ચેતના કહેતા હોય છે.

આ સમગ્ર પ્રક્રિયા તો હજી અતિમનસ સ્વરૂપની રચનાની કક્ષાએ ચાલી રહી હતી. અતિમનસ અસ્તિત્વ એ પણ જીવનનો ભાગ જ છે. તે દિવ્ય-જીવન છે. અતિમનસ-જીવન છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે "The masked immaculate Grandeur could oultine, At travail in occult womb of life. travail" એટલે પ્રસૂતિ. immaculate એટલે અવ્યક્ત અથવા આંતરિક. શ્રી અરવિંદ Grandeur નો આદ્યાક્ષર કેપિટલ કરી તે પ્રભુની પોતાની ભવ્યતા છે એ દર્શાવવા માંગે છે. આ દિવ્ય-જન્મ સાથે જ તે ચૈત્યપુરૂષે પ્રભુના સંકલ્પાનુસાર જે મહાન અભિપ્સાઓ સેવી છે તેને હવે આધારમાં વાસ્તવિક કરવાની શક્યતાઓ ઉભી થઈ છે. શ્રી અરવિંદ લખે છે કે "His dreamed magnificence of things to be." હવે ચૈત્યપુરૂષનું પ્રાથમિક બંધારણ બંધાઈ ચુક્યું છે. આ પ્રભુએ કરેલી ચૈત્યપુરૂષની રચના એ જગતમાંની સર્વશ્રેષ્ઠ રચના છે. બધી રચનાઓનો શિરતાજ છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે "A crown of

the architecture of the worlds." આ વાક્યનો બીજોપણ એક અર્થ સૂચિત થાય છે. દરેક વ્યક્તિનું પોતાનું એક અલગ વિશ્વ હોય છે અને તે વિશ્વમાંનો ચૈત્યપુરૂષએ શ્રેષ્ઠતમ તત્વ છે. આ વ્યક્તિગત વિશ્વની વાત થઈ. વૈશ્વિક અર્થાત વિશ્વોનાં સ્તરે પણ ભૌતિક, પ્રાણમય, મનોમય અને ચૈતસિક વિશ્વોમાં, ચૈતસિક વિશ્વએ સર્વશ્રેષ્ઠ છે જ.

ચૈત્યપુરૂષ એક બાજુ ઉપરની બાજુ જીવાત્મા અને તેની દ્વારા પરમાત્મા સાથે સંકળાયેલો છે જ્યારે બીજી નીચેની બાજુ મન, પ્રાણ અને પાર્થિવ તત્વ સ્વરૂપ આધાર સાથે જોડાયેલો છે. આમ જાણે પરમાત્મારૂપી વરરાજા અને ધરતીરૂપી વધુના છેડાછેડીની ગાંઠ સ્વરૂપે જ જાણે ગૂઢ ચૈત્યપુરૂષ છે. A mystry of married Earth and Heaven ! શ્રી અરવિંદ Earth નો આદ્યાક્ષર કેપિટલ કરીને દિવ્ય-પાર્થિવ તત્વનો ભાવ વ્યક્ત કરે છે. Heaven એટલે પ્રભુ પોતે.

ચૈત્યપુરૂષ હજી મન, પ્રાણ શરીરને સાક્ષીભાવે જ જોતો હોય છે. ચૈત્યપુરૂષ પોતે પ્રકાશમય છે. જ્યોતિર્મય છે અને તેણે હવે ઉત્ક્રાંતિમાં પ્રવેશ કર્યો છે તેથી તેને "a shining Guest of Time" તરીકે શ્રી અરવિંદ વર્ણવે છે. તે અતિથિ છે. તેને પોતાને કર્મનો સિદ્ધાંત નડતો નથી. તે તો લીલા કરવા આવ્યો છે. "Guest Artist" છે. તે પોતે દિવ્ય છે પણ સાથે સાથે નીચેના મર્ત્યલોક સાથે જોડાયેલો પણ છે પણ મનની સીમિતતા અને વેદનાઓ તેને સ્પર્શતી નથી. શ્રી અરવિંદ લખે છે કે "A mystery of married Earth to Heaven, Annexed divinity to the moral scheme. A seer was born, a shining Guest of Time. For him minds limiting firmament ceased above."

ગ્રીક પુરાણોમાં એક પ્રાણીની કલ્પના છે. તેનું ગરૂડ જેવું મુખ અને અશ્વ જેવું શરીર હોય છે. તેવા પ્રાણીને તે "griffin" કહે છે. માનસિક-શક્તિઓનું પ્રતિક ગરૂડ છે. તે અનંત આકાશમાં ઉડી શકે છે, તેમ માનસિક-શક્તિઓથી ઘણું જ્ઞાન મેળવી શકાય છે. ગરૂડ એકાગ્રતાનું અને શૂક્ષ્મદૃષ્ટિનું પ્રતિક છે.



સારાંશ ગરૂડ એટલે માનસિક-શક્તિઓ. અશ્વ એ પ્રાણમય શક્તિઓનું સર્વમાન્ય પ્રતિક છે. આમ ચૈત્યપુરૂષ મનની અને પ્રાણની શક્તિઓથી જોડાય છે અર્થાત મનોમય કોષ અને પ્રાણમય કોષ બંધાય છે. મન દ્વારા ચૈત્યપુરૂષ વિવેકપૂર્ણ જ્ઞાન મેળવે છે. તે ચૈત્યપુરૂષ માટે ‘દિવસ’ છે. પ્રાણમય શક્તિઓની વાસનાઓ ચૈત્યપુરૂષને ઢાંકી દે છે, તેથી તે તેને માટે રાત્રિ છે. આમ આ મનોમયકોષ અને પ્રાણમય કોષ ચૈત્યપુરૂષ સામે દિન-રાત નિર્માણ કરે છે. આવા દિન-રાત અવચેતનના અજ્ઞાત જગતમાં ઉગતા અને આથમતાં હોય છે. તે પાતાળ-લોકનો અગોચર પ્રદેશ છે. જ્યાં ચેતનાએ હજી પ્રવેશ જ કરેલ નથી. તેમાં પ્રવેશવું હજી ચૈત્યપુરૂષને શક્ય નથી. પણ મન-પ્રાણનાં આ દિન-રાતને કારણે કોઈ કોઈ વખતે ચૈત્યપુરૂષને જીવનમાં પ્રગટ થવાનો લાભ મળી જતો હતો. જાણે તેટલા કલાકો પુરતી ચૈત્યપુરૂષે તે જગ્યા ભાડે ન રાખી હોય ! આ આપણી જાગૃત અવસ્થા પણ ખરેખર નામની જ જાગૃત છે. તેને પણ અવચેતન અને અચેતન આપણા અજાણતા જ નિયંત્રણ કરતાં હોય છે. આ જાગૃત અવસ્થા એ તેમના રાજ્યનો સીમા પ્રદેશ જેવો કામ ચલાઉ ધોરણે ભાડે રાખ્યો છે. શ્રી અરવિંદ લખે છે કે " In the griffin forefront of the all concealing vault."

શ્રી અરવિંદ "Night and Day નાં આદ્યાક્ષર કેપિટલ કરીને તે આધ્યાત્મિક દૃષ્ટિએ રાત-દિવસ છે એમ સૂચવે છે. forefront એટલે સીમા-પ્રદેશ સૂચવે છે.

આ રીતે ચૈત્યપુરૂષના આવિર્ભાવની પ્રક્રિયા શ્રી અરવિંદ અહિં વર્ણવી રહ્યાં છે. તે દ્વારા અશ્વપતીને પોતાની જ જન્મકથા સાંભળવા મળતી હોય એમ લાગી રહ્યું છે. અશ્વપતીને પોતાના જન્મનું દિવ્ય-રહસ્ય સમજાયું અને તે ધ્યાનમગ્ન થઈ ગયો.

* * *

# માનવમાંથી અતિમાનવ

શ્રી અરવિંદે માનવને ઉત્ક્રાંતિમાનું એક વચગાળાનું પ્રાણી કહ્યું છે. હજી ખરેખર તે બીજરૂપે છે. તેટલો વિકાસ થએલ નથી. સંતો કહે છે કે કરણી કરે તો નર નો નારાયણ થઈ શકે છે અને ઉપનિષદો કહે છે કે - ઉતિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત।

અર્થાત હે માનવ, તુ પ્રયત્ન કર, પોતાના વિષે સભાન બન અને કુદરતે આપેલી સુપ્ત - ક્ષમતાઓ રૂપી વરદાનો પ્રાપ્ત કરી લે.

ખરેખર આપણે વિકાસ કરવો જરૂરી છે. આપણે જન્મ્યાં છીએ તે જ માટે, વિકાસનો વણથંભ્યો પ્રવાસ જ ઉત્ક્રાંતિ છે. વિકાસનો વિસામો તો મૃત્યુ છે તેથી જ ઉપનિષદો કહે છે ચરૈવેતિ,... ચરૈવેતિ। - બસ આગળ વધ... આગળ વધ.

શ્રી અરવિંદ જણાવે છે કે, "Absolute conssiousness is in its nature absolute power, The nature of chit is Shakti."

અર્થાંત પરમચેતના સત્-ચિત્ આનંદ સ્વરૂપ છે. તેમાંનું ચિત્ એટલે જ ચિત્-શક્તિ. શ્રી અરવિંદે શક્તિ અને બળ વચ્ચે શૂક્ષ્મ તફાવત પાડયો છે. બળ જ્યારે નિષ્ક્રીય હોય છે, સુપ્ત હોય છે, ત્યારે તેને શક્તિ કહે છે. શક્તિ જ્યારે સક્રીય બને



છે, જાગૃત બને છે ત્યારે તેને બળ કહેવાય છે. શક્તિને અંગ્રેજીમાં Power કહે છે, બળને Force કહે છે.

તો ચેતના એ મૂળભૂત રીતે શક્તિ સ્વરૂપ છે. આનો અર્થ એ થયો કે આપણા સ્વરૂપમાં ચેતનાનાં જેટલા સ્તર છે તેટલા સ્વરૂપની શક્તિઓ પણ છે. આપણામાં પરાચેતના છે. ચૈતસિક ચેતના છે. મનોમય ચેતના છે. પ્રાણમય ચેતના છે. શૂક્ષ્મભૌતિક ચેતના છે, ભૌતિક ચેતના છે. અવચેતનની ચેતના છે અને અચેતનની ચેતના છે. બ્રહ્માંડમાં જેટલા પ્રકારની પણ ચેતના છે તે બધી જ માનવમાં બીજ સ્વરૂપે છે જ. તેથી જ શાસ્ત્રો કહે છે કે ''યત્ પિંડે તત્ બ્રહ્માંડે.'' માનવ-પિંડ એ બ્રહ્માંડની લઘુ આકૃતિ છે.

પણ માનવમાંની બધી જ ચેતનાની બધી જ ક્ષમતાઓ હજી પુરેપુરી વિકાસ પામેલી નથી. તેથી જ શ્રી અરવિંદે માનવને વચગાળાનું પ્રાણી ગણાવેલ છે.

જે ક્ષમતાઓ હજી જરાપણ વિકાસ પામેલી નથી તેમને આપણે સુપ્ત-શક્તિઓ કહીએ છીએ. દા.ત. અષ્ટ સિદ્ધિઓ. તે પુરેપુરી અવિકસીત છે. થોડીક ક્ષમતાઓ એવી છે કે જે થોડીક વિકાસ પામી છે, પણ પૂર્ણ વિકાસ પામી નથી. તેમને આપણે અલ્પવિકસીત ક્ષમતાઓ કહીએ છીએ. આપણામાં જોવાની, સાંભળવાની, સુંઘવાની ક્ષમતાઓ છે, પણ દૂરદર્શન, દૂરશ્રવણ, દિવ્યસુગંધ જાણવાની ક્ષમતા હજી વિકાસ પામી નથી.

તેથી શ્રી માતાજી જણાવે છે કે "We can do infinitely more than we actually do."

અષ્ટસિદ્ધિઓ બાબત આપણા શાસ્ત્રોનો દૃષ્ટિકોણ જુદો છે. તેઓ ચેતનાની આ ક્ષમતાઓ સ્વિકારે છે. પંતજલી તો વિભૂતિપાદમાં આ ક્ષમતાઓ કેવી રીતે કેળવવી તેનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરી ઉપાયો સુચવે છે. પણ આ સિદ્ધિઓ આત્મસાક્ષાત્કારમાં અવરોધરૂપ બની જવાની શક્યતા છે, એમ શાસ્ત્રો જણાવે છે. તેથી આ માર્ગે સાધકે ન જવું એવું કહે છે. યુરોપીયન દેશો આમને ચૈતસિક-શક્તિઓ ગણાવી શરૂઆતમાં તેમને માનતા નહોતાં. નવજાગૃતિ કાળમાં તેમને મનોવિકૃતિઓ તરીકે ખપાવવામાં આવી. પણ ધાર્મિક કેથોલિક લોકો યેશુમાં

આવી ક્ષમતાઓ હતી તેમાં શ્રદ્ધા રાખતા, અને આજે પણ આવી ક્ષમતાઓ પ્રગટ થાય છે એમ માનતા હોય છે.

હાલમાં પરામાનસશાસ્ત્રે આ ઘટનાઓ કેવી રીતે બને છે તેમાં રસ લેવાની શરૂઆત કરી છે. પણ હવે સામાન્ય યુરોપીયન, રેકી, પ્રાણીક હિલિંગ, સ્પીરીચ્યુઅલ હિલિંગ જેવામાં માનતા થવા લાગ્યા છે. એટલું જ નહિ પોલીસ ડીપાર્ટમેન્ટ પણ ખૂનીની ભાળ માટે આવી અતિન્દ્રીય શક્તિ ધરાવતા લોકોની મદદ લેતા થયા છે.

શ્રી અરવિંદ માનવમાંની આ બધી જ ક્ષમતાઓને ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો એક સહજ ભાગ તરીકે ગણે છે. ભવિષ્યમાં આજની આ અલૌકિક સિદ્ધિઓ દરેક માનવ જન્મથી જ ધરાવતો થવાનો છે. તે પૂર્ણ માનવ તરીકે જ જન્મશે.

પણ આવી સિદ્ધિઓને સાધક તરીકે આપણે પોતાના અહંકારને પોસવા ન વાપરવી જોઈએ. તે આપણા વિકાસમાં અવરોધરૂપ બનશે. જો અંદરથી પ્રભુનો આદેશ મળે તો નિર્લેપભાવે સંપૂર્ણ મૌન રહીને, દેખાડો ન કરતા વાપરવામાં કોઈ દોષ નથી એમ શ્રી અરવિંદ માને છે. જેમ આપણે આજે હયાત ક્ષમતાઓને વાપરીએ છીએ તેવી જ તે વાત બની રહેશે.

આ ગૂઢવિદ્યા, જેના અભ્યાસથી આપણે સિદ્ધિઓ વિકસાવી શકીએ છીએ તે શું છે? શ્રી અરવિંદ તેની વ્યાખ્યા નીચે મુજબ કરે છે.

"It is the knowledge and right use of the hidden forces of Nature." અર્થાત ગૂઢવિદ્યાઓ એ પ્રકૃતિની ગુપ્ત શક્તિઓને યોગ્ય રીતે વાપરવાનું શાસ્ત્ર છે. તે ચમત્કાર નથી. પણ આપણી પ્રકૃતિ એ વિશ્વપ્રકૃતિનો અંશ છે. બન્ને સંલગ્ન અને જોડાયેલાં જ છે. તેથી આપણે આપણા સ્વરૂપમાંની આપણી પ્રકૃતિમાંના કોઈ સ્તર બાબત સભાન બની તેની સાથે એકરૂપતા સાધીને ત્યાં સંકલ્પબળ મુકશું તો આપણી પ્રકૃતિના તે સ્તર દ્વારા વિશ્વ-પ્રવૃતિનું તે જ વૈશ્વિક-સ્તર સંચાલિત થઈ યોગ્ય પરિણામ લાવશે. આ યોગિક પ્રક્રિયાને જ શ્રી અરવિંદ અહિં "Knowledge and right use of hidden forces of Nature" કહે છે. પંતજલી આ માટે 'સંયમ' શબ્દ વાપરે છે.



દરેક માનવ જાણતા અજાણતા આ પ્રક્રિયા કરે છે. આપણી મનની ચિંતનશક્તિ અને અંતકરણની કલ્પના શક્તિ આમાં ભાગ ભજવતી હોય છે. શું આપને અનુભવ નથી કે આપે જેને યાદ કરી હોય તે વ્યક્તિ સામેથી તમને ઘણી વખત મળી જાય છે? હેડકી ઉપડે તો કોઈક યાદ કરે છે એવું લોકો માને છે? કોઈ દુર્ઘટના બાબત સતત વિચાર આવતો હોય તો તે દુર્ઘટના અવશ્ય બને છે?

કલ્પના શક્તિની તાકાત ચકાસવા એક પ્રયોગ વૈજ્ઞાનિકોએ કરેલો. એક ફાંસીની શિક્ષા જાહેર થએલા કેદીને ફાંસી આપવાને દિવસે હોસ્પિટલમાં લઈ ગયાં. તેને આંખે પાટા બાંધ્યા. કૉટ ઉપર સુવડાવ્યો. હાથપગ કૉટ સાથે બાંધી દીધા. પછી તેને કહેવામાં આવ્યું કે તારા જમણા હાથની ધોરી નસ કાપી નાખવામાં આવશે અને રક્તસ્ત્રાવ થઈને તને મારી નાખવામાં આવશે.

તેના જમણા હાથમાં સોંય ભોંકાવીને તે બંધ કરી દેવામાં આવી. તેના કૉટ પાસે એક ટેબલ ઉપર પાણીનું એક બેરલ રાખ્યું. તેનો નળ અધખૂલો રાખી નીચે બાલટી મુકી. તેનો ટપક... ટપક... અવાજ કેદીને સ્પષ્ટ સંભળાય એવું આયોજન કરવામાં આવ્યું. કેદી તે સતત સંભળાતાં ટપક... ટપક... અવાજથી એમ જ માનવા લાગ્યો કે તેને ખૂબ જ રક્તસ્ત્રાવ થઈ રહ્યો છે. ત્રણ કલાકમાં જ તે હૃદયના હુમલાથી મરી ગયો. ખરેખર રક્તસ્ત્રાવ થયો જ ન હતો!

તેની કલ્પનાશક્તિએ આ કરૂણ અંજામ લાવ્યો. આપણે આ કલ્પના શક્તિને અને આપણી સંકલ્પશક્તિને કેળવવી જરૂર છે. આ બન્નેનો સાધનામાં યોગ્ય ઉપયોગને જ સક્રિય-ધ્યાન કહેવામાં આવે છે.

શાસ્ત્રોમાંનું માનસ-પૂજન આ બન્નેનો સુભગ સંગમ સ્વરૂપ જ છે.

માનવે વિકાસ કરવાનો છે એટલે તેણે પોતાની બધી જ ક્ષમતાઓને વિકસાવીને તે પ્રભુની સેવામાં વાપરવાની છે. જ્યારે દરેક માનવ આટલો વિકસીત થશે ત્યારે અતિમનસ-જગત ધરતી ઉપર સાકાર થએલું હશે. માનવ અતિમાનવ બની ગયો હશે.

## સહજ-સત્સંગ

**ધ રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે**
**સહજ-સત્સંગ (મસિક) અંગે માહતિી**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | રાજકોટ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | વિમલેશભાઈ શાહ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | લા ક્રિએટા, ૪/૫ જે.પી.ટાવર્સ, ટાગોર માર્ગ, રાજકોટ |
| ૪. | પ્રકાશકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |
| ૫. | પત્રના માલિકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| | તથા સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |

હું માનસિંહભાઈ ચાવડા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

**પ્રકાશકની સહી :**

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતિ માનસિંહભાઈ ચાવડા

તા. ૧.૪.૨૦૦૮



# રસાસ્વાદ

(આ સાથે શ્રી અરવિંદના કાવ્યોના 'રસાસ્વાદ'ની લેખમાલા શરૂ કરીએ છીએ. ભારતીય પરંપરામાં મર્મી કવિઓએ કાવ્યો લખવાની આવી પરંપરા શરૂ કરી છે. તેમાં વૈદિક-ઋષિઓનાં સુક્તોથી માંડી. સ્તોત્રો, નાનક, કબીરનાં દોહા, મીરાબાઈ જેવાનાં ભજનોની અખંડ પરંપરા શરૂ રહી છે. સુફીઓ પણ આજ પ્રથાને અનુસર્યા છે. શ્રી અરવિંદે પોતાના કાવ્યોમાં પોતાને આવેલી ગૂઢ અને ભવ્ય અનુભૂતિઓ કુશળ ચિત્રકારની જેમ શબ્દ-રંગે રંગી છે. તેમના ગૂઢજ્ઞાન સાથેનું શબ્દ-સામર્થ્ય આશ્ચર્યજનક છે.

આપણે કાવ્યમાધુર્ય સાથે દિવ્ય-અનુભૂતિઓને સમજવી છે. માણવી છે અને સાધના પંથે અગ્રેસર થવાનું છે. - તંત્રી)

**A God's Labour**

I have gathered my dreams in silver air
Between the gold and the blue.
I had hoped to build a rainbow bridge.
Marrying the soil to the sky,

And sow in this dancing planet midge.
The moods of infinity.
I have been digging deep and long,
Mid a horror of filth and mire
A bed for the golden river's song.
A home for the deathless fire.

I have laboured and suffered in matter's night.
To bring the fire to man
But the hate of hell and human spite,
Are my meed since the world began.

Come, let us slay him and end his course !
Then shall our hearts have release.
From the burden and call of his glory and force,
And the curb of his wide white peace.

I have seen the source whence her agonies part.
And the inner reason of hell.
The gulf twixt the depths and the hight is bridged
And the golden waters pour
Down the Sapphire mountain rainbow ridged
And glimmer from shore to shore.

A little more and the new life's doors
Shall be carved in silver light.
There shall more on the earth embodied and fair,
The living truth of you

શ્રી અરવિંદે પોતાની ચેતનાના ઊર્ધ્વ-પ્રવાસમાં અનેક કપરા સંજોગોમાં ઘાતક હુમલાઓ અને પરાજયો વેઠી આ જગત-નિર્મિતિની ક્રિયા જે પ્રભુના સંકલ્પમાંથી નિર્માણ થએલ છે, તેનું મૂળ શોધી કાઢયું. આ તેમની ગૂઢ પણ ભવ્ય



અનુભૂતિ તેમણે "A God's Labour" આ કાવ્યમાં વર્ણવી છે.

બ્રહ્માંડ તો અનંતમાં વિસ્તરેલ છે જેમાં અનેક નિહારિકાઓ છે. તેમાં વળી અનંત તારાઓ છે. તે પૈકી આપણો સૂર્ય એક તારો છે. અને તેનું પોતાનું ગ્રહ-મંડળ છે. તેમાંની પૃથ્વી એક ગ્રહ છે. આ ધરાતળે ચેતનાનો આવિર્ભાવ કરવા પરમ-પ્રભુએ શું કરેલું તેનો ચિતાર આ કાવ્યમાં આપેલો છે.

બ્રહ્માંડમાં અનંત સૂર્યમાળાઓમાં ચેતનાનો આવિર્ભાવ થઈ રહ્યો છે. તેવા અનંત પ્રયોગો પૈકી ઉપરનો એક પ્રયોગ છે. તેથી શ્રી અરવિંદે આ કાવ્યનું શિર્ષક "A God's labour" આપ્યું છે. અનેક પ્રયત્નો એક સામટા પ્રભુ વિવિધ ગ્રહમાળાઓમાં કરી રહ્યા છે, તે પૈકી આ એક પ્રયત્ન છે. તેથી શિર્ષકમાં A ઉપપદ લગાડેલ છે. પણ શ્રી અરવિંદને તરત લાગ્યું હશે કે જો હું God નો આદ્યાક્ષર કેપિટલ નહિં કરું તો કદાચ લોકો તેનો અર્થ લેશે ‘અનેક દેવો પૈકી એક દેવનો પ્રયત્ન’. શ્રી અરવિંદને અનેક દેવો પૈકી એકનો પ્રયત્ન એ અભિપ્રેત નથી. પણ પરમ-પ્રભુના, એક જ પ્રભુના, અનેક પ્રયત્નો પૈકીનો એક ખાસ પ્રયત્ન એ અર્થ અભિપ્રેત છે. તેથી તેમણે God નો આદ્યાક્ષર કેપિટલ કરીને આપણને સાચો અર્થ લેવા દિશાસૂચન કર્યું છે.

માનવને પ્રયત્ન અને શ્રમ કરવો પડે એ સમજી શકાય છે, પણ સત્ય-સંકલ્પની સિદ્ધિ ધરાવતા પરમ-પ્રભુને પણ શ્રમ કરવો પડે છે તો શું તેમના પ્રયત્નને વિરોધ કરનાર કોઈ છે, જેથી તેમને પણ શ્રમ વેઠવો પડે છે ? અમુક ધર્મોમાં શેતાનની કલ્પના અભિપ્રેત છે. પણ શ્રી અરવિંદ તેવું માનતા નથી. પ્રભુએ પોતે જ વિવિધ વેશો ધારણ કરીને લીલા પ્રસંગો માણવા આવા પ્રસંગો નિર્માણ કરેલાં છે. આ પ્રભુએ જ કરેલો બહુપાત્રી-પ્રયોગ છે. અને તેમાં વાસ્તવિકતા લાવવા પોતાની સત્ય-સંકલ્પ-સિદ્ધિને તેમણે પોતાની મરજીથી ઢાંકી રાખી છે. વ્યાસ પોતાના વેદાંત સૂત્રોમાં જણાવે છે તેમ ‘લિલાવત્ તુ કેવલમ્’ આ જગતની રચના થએલ છે.

પ્રભુએ દરેક ગ્રહમાળા માટે એક જ સપનું સેવ્યું નથી. દરેક માટે જુદુ જુદુ સપનું છે અને જેવું સપનું છે, તેવી રીતે જ, જે તે ગ્રહમાળામાં સપનું સાકાર થઈ રહ્યું છે. બધે જ ઉત્ક્રાંતિની પ્રક્રિયા નથી.

અમુક જગતો પહેલેથી જ સ્વયંપૂર્ણ છે. તે જેવા છે તેવા જ રહેવાનાં છે. તેમને typological worlds કહેવાય છે. વળી આ જગતો બધા ભૌતિક જ છે, એમ પણ માનવાની જરૂર નથી. તે અભૌતિક સ્વરૂપનાં પણ છે.

આપણે ત્યાં સપ્ત લોકની કલ્પના છે, જેમને આપણે ભૂ, ભુવઃ, સ્વઃ, મહ, જન, તપ અને સત્ય લોક કહીએ છીએ. આમાંથી પ્રથમ અર્થાંત આ ભૂલોક ઉપર ઉત્ક્રાંતિની અને વિકાસની પ્રક્રિયા છે. બાકીના ભૂવઃ થી સત્યલોક સુધીનાં છ લોકમાં તેવી પ્રક્રિયા નથી. તે જેવા છે તેવા જ રહેવાનાં છે.

આ સાતે લોક વચ્ચે એક વિશિષ્ટ સંબંધ છે. તેને વેદોમાં 'વ્યાહૃતિ' શબ્દથી વર્ણવ્યો છે. વ્યાહૃતિ એટલે ખાસ રીતે (વિ) પાસે ખેંચી લાવવાનાં જગતો (આહૃત). પૃથ્વીને 'આધાર' કહ્યો છે. તે એક માધ્યમ છે. તેની દ્વારા ઉપરના છ લોકો ક્રમે ક્રમે આવિર્ભાવ પામવાનાં છે. આ જ ઉત્ક્રાંતિ છે અને આ ઉત્ક્રાંતિના ઓઠા તળે પરમ-પ્રભુ પોતાને પૃથ્વિ ઉપર સાકાર કરવાનાં છે. પોતે જ પોતાને શોધવાની, પ્રગટ કરવાની આ રમત રમી રહ્યાં છે.

પરમ-પ્રભુએ તે માટે પોતાના જ અનંત ચેતો વિસ્તારમાં પોતાની ચેતનાનાં બાર સ્તરો નિર્માણ કર્યા છે. તે પૈકી ઉપરની 'સપ્ત વ્યાહૃતિઓ' છે. પાંચ કક્ષાઓ એવી છે જે આ પૃથ્વી છોડીને રહેલી છ કક્ષાને પૃથ્વિ દ્વારા પ્રગટ થવા મદદ કરશે. આ બાર ચેતનાની કક્ષાઓને વેદોમાં દ્વાદ્વશ-આદિત્યાઃ' તરીકે વર્ણવેલ છે. પરમ-પ્રભુની જે મૂળભૂત સર્જન-શક્તિ છે જેને વેદોમાં 'અદિતિ' કહે છે તેના જ આ બાર પ્રકાશમય પાસા છે. તેથી તે અદિતિનાં ફરજંદ, બાળકો હોવાથી તેમને 'આદિત્ય' કહેવામાં આવે છે. માતાજીનાં પ્રતિકમાં આમને બાર પાંખડીઓ તરીકે દર્શાવ્યા છે.



અદિતિ જ્યારે શાંત હોય છે. નિષ્ક્રીય હોય છે, ત્યારે પ્રભુ સાથે એકરૂપ હોય છે. તેથી તેને 'અદિતિ' 'અભેદરૂપા' કહેવામાં આવે છે. પણ પ્રભુના સંકલ્પથી જ્યારે તે સક્રીય બને છે ત્યારે આંદોલનોને કારણે પ્રકાશ - ઉત્સર્જીત થાય છે. તે વિવિધ પ્રકાશરંગો સ્વરૂપને જ શ્રી અરવિંદ આ કાવ્યમાં 'ઈન્દ્રધનુષ' તરીકે વર્ણવે છે. આવી રીતે નિશ્ચિત સ્વરૂપે પ્રકંપન પામતી ચેતનાને જ વેદો છંદ કહે છે. અને દરેક છંદને પોતાનો ચેતનાનો પ્રકાશ હોય છે.

જે ચેતનાની બાકીની પાંચ કક્ષાઓ છે તે પૈકી પ્રથમ ત્રણ સત્-ચિત-આનંદ સ્વરૂપ ત્રણ કક્ષાઓ છે. તે ઉર્ધ્વમાં છે. બાકીની બે નીચે છે. તે છે અવચેતન અને અચેતનની. તેમનાં જ સ્વરૂપોને વેદોમાં અનુક્રમે રાક્ષસઃ અને અસુર કહે છે. તેઓ તેનું રક્ષણ કરે છે માટે તેમને રાક્ષસ કહ્યાં છે. રાક્ષસ એટલે રક્ષક. અચેતન પ્રભુના પ્રયત્નોમાં ભંગાણ નાખવાનો પ્રયત્ન કરે છે. તેની સાથે સંવાદમાં રહેતાં નથી. તેથી તે અસુર છે. સુર એટલે સંવાદમાં રહેનાર દેવો અને વિસંવાદ રચનાર તે અસૂરો. પ્રભુ પોતે જ obstacle ગોઠવી Obstacle Race - વિઘ્ન-દોડ, રમી રહ્યાં છે.

જે બાર આહિત્યનાં બાર પ્રકાશ રંગો છે તે અનુક્રમે નીચે મુજબનાં છે. હિરક, સુવર્ણ, રજત, નીલ, અતિનીલ, હરિત, પીત, સિંદૂર, રક્ત, જાંબલી, શ્યામ અને કૃષ્ણ. અહિં "I" એટલે પરમપ્રભુ પોતે, આ ભૂમિકા સમજી હવે આ કાવ્યનો રસાસ્વાદ માણીએ.

I have..... .... and blue.

પરમ પ્રભુ કહે છે કે મેં એક સ્વપ્નું સેવ્યું છે. તે મારી રજત-પ્રકાશમય ચેતનાના સ્તરે અર્થાંત 'સત્'ની કક્ષાએ સેવ્યું છે. જે સુવર્ણમય (ચિત્ ચેતના) અને નીલ ચેતના (અધિમનસ-ચેતના) ની વચ્ચે છે.

I had hoped..... infinity.

પરમ-પ્રભુને આ બારેબાર ચેતનાની કક્ષામાં એક સૂત્રતા લાવીને, સંબંધ

સ્થાપીને, (સૂત્રે મણિગણારિવ-ગીતા) તેમને પરોવીને, પરમચેતના રૂપી આકાશ અને પૃથ્વી રૂપી આધાર વચ્ચે કાયમી સ્વરૂપના સંબંધ સ્થાપવા હતાં. જેમાં પરમ-પ્રભુ પિતાની જેમ (અહં બીજપ્રદઃ પિતા-ગીતા) અને ધરતી માતાની જેમ પરિણયથી જોડાય (તસ્મિન ગર્ભં દધામ્યહમ્-ગીતા) અને પ્રભુ પોતે જ અનંતરૂપો ધારણ કરે. દરેક રૂપ દ્વારા પરમ-ચેતના જ પ્રગટ થાય, અસીમતાજ પ્રગટ થાય. એવું ઈચ્છે છે. જેને શ્રી અરવિંદ અહિં moods of infinity કહે છે.

I have been..... fire.

આ સૂસુત્રતા લાવવા પરમ-પ્રભુ પોતે જ નીચે વિવિધ ચેતનાની કક્ષાઓમાં અવતરણ પામી પોતાનો રસ્તો ચાતરી રહ્યાં છે. અને અંતે અવચેતન અને અચેતનની ક્રુરતા, ગંદગી અને કીચડની કક્ષાએ પહોંચ્યા છે. આવી રીતે ચાતરવાથી ઉપરની સુવર્ણમય અતિમનસ ચેતનાની સ્વર્ગીય નદી નીચે અવતરણ પામે અને સંગિતમય રીતે ખળખળ વહેતી ધરતી ઉપર આવી માનવમાં ચૈત્યપુરૂષ રૂપી અમર્ત્ય અગ્નિના સ્ફૂલિંગને ચેતવે, અને તેને વસવા લાયક દિવ્ય-શરીરરૂપી ગૃહ નિર્માણ કરે, એવો પ્રભુનો પ્રયત્ન છે.

I have laboured..... began.

પરમ-પ્રભુ કહે છે કે ભૌતિક તત્વમાંના અવચેતન અને અચેતનરૂપી અચિતની રાત્રીમાં તેઓએ ખૂબ પ્રયત્ન આદર્યો છે, અને સહન પણ કર્યું છે પણ અવચેતન અને અચેતનનું નર્ક અને માનવીઓનો મારા પ્રત્યેના તિરસ્કારે આ જગતના આદિ-કાળથી મને મારા લાયક ગૃહ નિર્માણ કરીને સ્થિર થવા દીધો નથી.

Come, let us..... peace.

રાક્ષસો અને અસૂરો દેકારો કરતાં રહ્યાં છે કે આપણે પેલા ચૈત્યપુરૂષને અને તેના વિકાસ-ક્રમનો જ નાશ કરવો પડશે. તે સિવાય તેમના પોતાનાં ચિત્તમાં અજંપો જ રહેશે. અને તેઓ તે અજંપામાંથી મુક્ત નહિ થાય. તેના સિવાય ચૈત્યપુરૂષનું તેમના ઉપરનું દબાણ નહિં હઠે. તે જે પરમ-પ્રભુનો પોકાર કરી રહ્યો છે તે નિપ્રભ નહિં થાય. અને તે ચૈત્યપુરૂષ પોતાની અગાધ-પ્રશાંતિમાં રહે છે



તેમાંથી નહિં ખસે. સારાંશ ચૈત્યપુરૂષનો નાશ એ જ તેમની મુશ્કેલીઓનો અંત છે.

અહિં "him" એટલે ચૈત્યપુરૂષ એવો અર્થ લેવાનો છે. જો "him" એટલે પરમ-પુરૂષ હોત તો શ્રી અરવિંદ આધાક્ષર કેપિટલ કર્યા વગર રહેત નહિં.

I have seen..... hell.

અહિં પ્રભુ કહે છે કે તેઓ પોતે સમજી ગયાં છે કે અદિતિને કાર્ય કરવામાં જે દુઃખ દર્દ સહન કરવા પડે છે, તે ક્યાંથી નિર્માણ થાય છે અને કેવી રીતે નિર્માણ થાય છે તેમજ તેનો ઉપાય શું છે. ચૈત્યપુરૂષના આધારમાં જ જે નર્ક નિર્માણ થયું છે તેનું આંતરિક કારણ પ્રભુને સમજાયું છે. અહિં "her" એટલે પ્રકૃતિ અથવા અદિતિ.

The gulf..... shore.

આવી રીતે ઉપાયયોજના કરતાં જ આ ચેતના વિસ્તારનાં બન્ને છેડા વચ્ચેની ખાઈ ભરાઈ જશે અને સુવર્ણમય અતિમનસ પ્રકાશ ધોધમાર વરસશે. તે પ્રાણમય તત્વનાં સિંદુરીયા શિખરોની કેડીથી નીચે અવતરશે અને ચેતનાનો સમગ્ર ચેતો વિસ્તાર પ્રકાશમય બની જશે.

A little..... light.

હવે થોડોક જ પ્રયત્ન પ્રભુનો કરવાનો બાકી છે. નવી અતિમાનવ યોનીનું દ્વાર રજત પ્રકાશથી માંડી ઠેઠ નીચે સુધી ખૂલી જશે.

There shall..... you.

અને એમ થતાં જ આ પૃથ્વિ ઉપર સાકાર અને સુંદર એવો ચૈત્યપુરૂષ તારું જીવંત સત્ય અને સ્વરૂપે પ્રગટ થશે.

આ રીતે પ્રભુનું સપનું સાકાર થશે. ધરતીઉપર અતિમનસ જગત આવિર્ભાવ પામશે.

(તા.૨૯.૨.૫૬ના રોજ અતિમનસનું અવતરણ થએલું તેના વર્ષો પહેલાં આ કાવ્ય શ્રી અરવિંદે લખેલ છે. - તંત્રી)

# વેદ-વિજ્ઞાન

## પ્રકરણ - ૧
## વેદવિજ્ઞાનનું મહત્ત્વ

શુ વૈદિક જ્ઞાન કાલબાહ્ય થઈ ચુક્યુ છે? જો તેમ ન હોય તો તેનું સાંપ્રત મહત્વ શું ? વૈદિક ઋષિઓ જીવનની સદ્‌ગતિને ખૂબજ મહત્વ આપતાં. તેને તેઓ શ્રેયસ-માર્ગ કહેતાં સત્ તરફની જીવનની ગતિ એ જ સદ્‌ગતિ. બ્રહ્માંડનું મુળ તત્વ ચેતના છે. ચેતનાએ જ પોતે ઘનીભૂત થઈને ભૌતિકતત્વ તરીકે સ્વરૂપ ધારણ કરેલ છે. અને પોતાનીજ આ ઘનીભૂત અવસ્થામાંથી પોતે જ પોતાનાં મૂળ સ્વરૂપનો વિકાસ કરવા મથી રહી છે. આ મથામણ એ જ સદ્‌ગતિછે. કારણ ચેતના સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. સારાંશ પોતાની ચેતનાનો વિકાસ કરીને પરમ-ચેતના સ્વરૂપ બની રહેવું એ જ સદ્‌ગતિ છે. આ શ્રેયસ-માર્ગ માટે વૈદિક-ઋષિઓએ તપ અને સાધના કરીને આવનારપ્રેરણાથી જે દિવ્ય-જ્ઞાન પ્રાપ્ત કર્યું, તેનો પરિચય કરાવવાનો આ લેખમાળાનો હેતુ છે, સાથે સાથે આજનુ વિજ્ઞાન તેને કેટલું પોષક બની રહ્યું છે તેનો પણ ખ્યાલ આપવાનો વિચાર છે.

આવો પરિચય ખૂબજ જરૂરી છે. કારણ આપણે જે રાષ્ટ્રમાં રહીએ છીએ તે રાષ્ટ્રનો પિંડ તેથી જ પોસાયો છે તે જ તેનો શક્તિ-સ્ત્રોત છે. તે જ આત્મા છે અને



આ વેદ-વિજ્ઞાન સમગ્ર માનવ-જાતની ધરોહર છે. તેથી તેને માટે અહંકાર અને અભિનિવેષ પ્રધાન શ્રેષ્ઠતા (superiority - complex) અને અન્ય રાષ્ટ્રો પ્રત્યે અનાદર સેવવાની જરૂર નથી, કારણ દરેક રાષ્ટ્રનો આવો શક્તિ-સ્ત્રોત હોય જ છે. જે આપણે પણ સ્વિકારવો પડશે.

પ્રભુનું સર્વાંગ સંપૂર્ણ દિવ્યજ્ઞાન હજી પૂર્ણરીતે પ્રકટ થએલ નથી. ઉત્ક્રાંતિના પ્રમાણમાં તે વધતું જશે અને ઉત્ક્રાંતિ પૂર્ણતાના આરે હશે ત્યારે જ તે સળંગ અને સમગ્ર રીતે પૂર્ણ થએલું હશે. પરંતુ આ એક માનવી આશા છે કારણ પ્રભુ અનંત સ્વરૂપ છે, તેથી ઉત્ક્રાંતિ પણ અનંતકાળ સુધી ચાલતી રહેશે, એવો તર્ક પણ માનવીમન રજૂ કરે છે. ભવિષ્યનો પ્રવાસ આપણી સમજને હજી અજ્ઞાત છે.

પરંતુ સમગ્ર માનવ-જાત આ દિવ્યજ્ઞાનને સંપૂર્ણ કરવા ધર્મ, વંશ અને રાષ્ટ્રવાદથી ઉપર ઉઠી સહિયારો પ્રયત્ન કરશે તો અધ્યાત્મ અને વિજ્ઞાનના સહિયારા પ્રયત્નોથી દિવ્યજ્ઞાનમાં આપણને જણાતા ખાડા વહેલાસર ભરી શકવાની શક્યતા છે. જ્યાં વિજ્ઞાને ઋષિઓના દિવ્યજ્ઞાનમાં જણાતા ખાડાઓ ભરી કાઢયાં છે ત્યાં એ વિજ્ઞાનનો આશ્રય લઈને એક સરળ સુસંગત અને અખંડ દિવ્ય-જ્ઞાનનો પ્રવાહ રચવાનો પ્રયત્ન કર્યો છે.

તેથી આ વૈદિક-દિવ્યજ્ઞાન અને વિજ્ઞાન એ સમગ્ર માનવજાતની સહિયારી સંપતિ છે અને સમાન વારસો છે. દરેક સંસ્કૃતિ એ આ સહિયારી સંપતિઓનું એક અંગ છે. આ વિશાલ ભાવનાથી જ હવે જીવવું જરૂરી છે. તો જ આપણે ભાવી યુગની અપેક્ષાઓને પુરી કરી શકીશું.

ભાવી યુગ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સુવર્ણમય સંગમ હશે. નહિં ફક્ત અધ્યાત્મ, નહિં ફક્ત ભૌતિકવાદ, પણ આધ્યાત્મિક-ભૌતિકવાદનો આ યુગ હશે. અધ્યાત્મ અને વિજ્ઞાન બન્ને ક્ષેત્રે સંકુચિતતાના, એકાંગિતાના જે બાવાજાળા છે તે સાફ કરવા માટે બુદ્ધિ અને આંતર-પ્રેરણાઓનો પણ

ઉપયોગ કરવો પડશે. તેથી Divine materialism અને Divine rationalism નો આવો સુભગ સમન્વય સધાતા નવા યુગનું સુપ્રભાત આપણે જરૂર અનુભવશું. પૂર્વાત્યદેશોએ નવાયુગ માટેનું પોતાનું પ્રદાન આપવાનું છે, તે છે દિવ્યજ્ઞાન અને પાશ્ચિમાત્ય લોકોએ પોતાનું પ્રદાન આપવાનું છે, તે છે વિજ્ઞાન. આ પ્રદાન માટે આપણે હવે સભાન રીતે સજ્જ થવું જરૂરી છે. દરેકે પોતાનું રાષ્ટ્ર, પોતાનો વંશ, પોતાની સંસ્કૃતિ, પોતાના ધર્મથી ઉપર ઉઠીને જ સમગ્ર, માનવતા, તેથી પણ આગળ વધીને, સમગ્ર વિશ્વનાં, સંદર્ભમાં જ વિચારવાની ટેવ પાડવી પડશે. કદાચ તે જ ભાવિ પૂર્ણયોગનો પાયો રચશે.

ભારતનાં આધ્યાત્મિક-પ્રદાનમાં નીચેની વસ્તુ જરૂરી છે. આધ્યાત્મિક-જ્ઞાન બુદ્ધિ અને તર્કથી મળતું નથી. તે માટેનું સાધન છે પ્રજ્ઞા-શક્તિ. આપણા ચિત્તની તે શક્તિ છે. તેમાં જાણવાની વસ્તુ સાથે એકરૂપ થવાનું છે. ચૈતસિક-એકતા પ્રાપ્ત થતાં જ તે વસ્તુનું આંતરિક સત્ય જીજ્ઞાસુના ચિત્તમાં તે છતું કરે છે. આને શ્રી અરવિંદ Knowledge by Identity - તાદાત્મ્ય દ્વારા જ્ઞાન કહે છે. તે જ્ઞાનાર્જનની અતિમનસ પદ્ધતિ છે. આ પ્રજ્ઞાની ક્ષમતા કેમ વિકસાવવી એ ભારતે જગતને આપવાનું છે. પછી અધ્યાત્મ પોતાની મેળે પ્રગટ થશે.

સાધનામાં પ્રથમ સાત્વિકતા આવે છે. સાધક એકાગ્ર થઈ જાય છે. એક ભાવ-સમાધિ લાગે છે. પણ આ કક્ષાએ પ્રજ્ઞા-શક્તિ જાગૃત થએલી હોતી નથી. આને પંતજલી 'અસંપ્રજ્ઞાત સમાધિ' કહે છે. **'અ'** એટલે અભાવ **'સં'** એટલે સમ્યક રીતે, યોગ્ય રીતે. **'પ્રજ્ઞાત'** એટલે પ્રજ્ઞાએ જાણેલી સ્થિતિ. સારાંશ આમાં પ્રજ્ઞા–શક્તિ પડદા પાછળ રહીને કાર્ય કરતી હોય છે. તેની ક્ષમતાનો અણસાર સાધકને આવતો નથી.

સંપ્રજ્ઞાત સમાધિમાં પ્રજ્ઞાશક્તિ પડદો ચીરી પ્રગટ રીતે કાર્ય કરે છે. આનું શિક્ષણ-ભારતે વિશ્વને આપવાનું છે. શ્રી અરવિંદે દિવ્ય-જીવનમાં આ માટે સ્વતંત્ર પ્રકારણ ઉમેર્યું છે.



પણ આ માટે ભારતે બે વસ્તુ કરવાની રહેશે.

(૧) જેમ આપણા સ્વરૂપનો અવિભાજ્ય ભાગ આપણું શરીર છે. તેમ ભારત દ્વિપકલ્પ નો સમગ્ર ભૂપ્રદેશ ભારતના સ્વરૂપનો જ ભાગ છે તેમાં રહેતું વિભાજન એટલે ભારતની લકવાગ્રસ્ત શરીરની અવસ્થા. આ વિભાજન જવું જ જોઈએ. આજે ભારત ઈસ્લામી અને હિન્દુ ધાર્મિક ઝનૂનનાં બે અતિરેકો વચ્ચે લોલકની જેમ ઝૂલી રહ્યું છે. આ બન્નેથી ઉપર ઉઠી બન્ને ધર્મો નીચે વહેતા આધ્યાત્મિક પ્રવાહને ઓળખી આત્મસાત્ કરવાનો રહેશે. તે માટે બાહ્ય રાજકીય ઘટનાઓ ક્યું સ્વરૂપ ધારણ કરશે એ આજના તબક્કે અનિશ્ચિત લાગે છે. પણ કાંઈક થશે એ નિયતિ છે.

(૨) ભારતમાંની સાંપ્રદાયિકતાઓ રાફડો પણ સાચી આધ્યાત્મિકતાને અવરોધશે. તેમનાથી પણ ઉપર મુજબ જ ઉપર ઉઠવું પડશે.

કુદરતે આનો ઉપાય શોધી જ લીધો છે. વિજ્ઞાનનો યુવાવર્ગ અને બાળકો ઉપર પડતો પ્રભાવ ધર્મસંસ્થાને હચમચાવી રહ્યો છે. અને તેમને સુધરવા અથવા ધીમી ગતિએ નાશ પામવા તરફ લઈ જઈ રહ્યો છે. વડીલો ઉપરની શ્રદ્ધા જે ડગવા માંડી છે એ આનો જ પરિણામ છે. આ પ્રક્રિયા નવી પેઢીને ધાર્મિક અંધશ્રદ્ધાઓથી મુક્ત કરશે. બીજી બાજુ આધ્યાત્મિકતા અનેક સ્વરૂપે - રેકી, પ્રાણિક હીલીંગ, સ્પીરીચ્યુઅલ હીલીંગ અને યોગોના નામે પ્રવેશી રહી છે. આ પ્રથમ પ્રવાહમાં ઘણાં દૂષણો છે. પણ તે ધીમે ધીમે સ્વચ્છ થશે એવું લાગે છે.

તેથી સાચી આધ્યાત્મિકતાને સાચા અર્થમાં જ સમજવાની આ પરિપ્રેક્ષમાં ખૂબજ જરૂરી છે. વેદ-વિજ્ઞાન આ પ્રાથમિક ગરજ સારશે. તેથી તે પૂર્ણયોગના સાધકે સમજી લેવાની જરૂર છે. પરંતુ અંધશ્રદ્ધાથી નહિં. વિજ્ઞાન અને માનસશાસ્ત્ર, પરામાનસશાસ્ત્રના આધારે જ આગળ વધવું પડશે.

# સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદીનો સાહિત્ય-સાગર

| | | |
|---|---|---|
| (૧) | હું (વાર્તા સંગ્રહ) | અપ્રાપ્ય |
| (૨) | અનુકંપા | અપ્રાપ્ય |
| (૩) | અગ્નિપુરુષ | રૂા. ૩૯.૦૦ |
| (૪) | અનંતનો શબ્દ | રૂા. ૫૦.૦૦ |
| (૫) | અમૃત સમીપે | રૂા. ૩૯.૦૦ |
| (૬) | અગ્નિકુંડની યાત્રા | અપ્રાપ્ય |
| (૭) | સાધનાનું સંગીત | રૂા. ૧૫.૦૦ |
| (૮) | સત્સંગ પ્રકાશ | રૂા. ૬૦.૦૦ |
| (૯) | સત્સંગ કથાઓ | રૂા. ૮૦.૦૦ |
| (૧૦) | શ્રદ્ધા એ જ વસંત | રૂા. ૬૦.૦૦ |
| (૧૧) | ઉત્સવોના આલોકમાં | રૂા. ૯૦.૦૦ |
| (૧૨) | સહજ મિલે અવિનાશી | રૂા. ૫૦.૦૦ |
| (૧૩) | અનંતનો સ્પર્શ | રૂા. ૫૦.૦૦ |
| (૧૪) | બ્રહ્મનિષ્ઠ મારા બા | રૂા. ૩૦.૦૦ |
| (૧૫) | યોગાગ્નિ | રૂા. ૮૦.૦૦ |
| (૧૬) | ધ્યાન (બીજી આવૃત્તિ) | રૂા. ૫૦.૦૦ |
| (૧૭) | મૃત્યુની મહાનતા | રૂા. ૩૦.૦૦ |
| (૧૮) | મૌનનો શબ્દ | |
| (૧૯) | મૌનનો કરીએ આરંભ | |
| (૨૦) | સહજ સાધીએ મૌનને | |
| (૨૧) | મૌનમાં ગુંજતો નાદ | આઠ પુસ્તકોનો સેટ |
| (૨૨) | મારી મૌન સાધના | રૂા.૨૦૦.૦૦ |
| (૨૩) | ગાંધીજીની મૌન સાધના | |
| (૨૪) | શ્રી અરવિંદનું મૃત્યુંજયી મૌન અને જ્યોતિર્મય એકાંત | |
| (૨૫) | મૃત્યુંજયી મૌન | |
| (૨૬) | અધ્યાત્મના ગૂઢ પ્રતીકો | રૂા. ૧૦.૦૦ |



| | | |
|---|---|---|
| (૨૭) | શબ્દબ્રહ્મ | રૂા. ૪૦.૦૦ |
| (૨૮) | ઈઝરાયલની બોધકથાઓ | રૂા. ૬૦.૦૦ |
| (૨૯) | ધ્યાન : જીવનનું અમૃત | રૂા. ૪૫.૦૦ |
| (૩૦) | આનંદની સાધના | રૂા. ૪૦.૦૦ |
| (૩૧) | અવતરણ : પરમ પ્રકાશનું | અમૂલ્ય |
| (૩૨) | આપણું શરીર પ્રભુમય બને | રૂા. ૮૦.૦૦ |
| (૩૩) | શ્રી અરવિંદના વિચાર રત્નો (સંકલન) | રૂા. ૧૫.૦૦ |
| (૩૪) | શ્રી માતાજીના વિચાર રત્નો (સંકલન) | રૂા. ૧૫.૦૦ |
| (૩૫) | મધુર મા (બીજી આવૃત્તિ) | રૂા. ૩૦.૦૦ |
| (૩૬) | આપણી યોગ સાધના | રૂા.૨૦૦.૦૦ |
| (૩૭) | પરમ દિવ્ય જ્યોતિર્મયી - શ્રી માતાજી | રૂા. ૪૫.૦૦ |
| (૩૮) | દિવ્ય યોદ્ધાઓનું આગમન (ગર્ભવતી સ્ત્રીઓ માટે) | રૂા. ૧૦.૦૦ |
| (૩૯) | સુન્દરમ્‌ને મેં જોયા | રૂા. ૪૦.૦૦ |
| (૪૦) | આંતર-યાત્રા | રૂા. ૭૫.૦૦ |
| (૪૧) | શાંડિલ્ય ભક્તિસૂત્ર | રૂા. ૨૫.૦૦ |
| (૪૨) | પ્રકૃતિ રહસ્ય | અમૂલ્ય |
| (૪૩) | શ્રી અરવિંદનો પૂર્ણયોગ | રૂા. ૪૦.૦૦ |
| (૪૪) | શ્રી અરવિંદનું દિવ્યજીવન અને પૂર્ણ યોગ | અમૂલ્ય |
| (૪૫) | યોગ ધારા - ૧ | રૂા. ૪૦.૦૦ |
| (૪૬) | યોગ ધારા - ૨ | રૂા ૪૦.૦૦ |
| (૪૭) | યોગ ધારા - ૩ | રૂા. ૪૦.૦૦ |
| (૪૮) | મા મીરા શરણમ્ મમ (જીવન ચરિત્ર) | રૂા. ૬૦.૦૦ |
| (૪૯) | યોગમાં સહયોગ | રૂા. ૪૦.૦૦ |
| (૫૦) | મા | રૂા. ૫૦.૦૦ |

- ☛ દરેક પુસ્તક પર ૨૦% વળતર આપવામાં આવશે.
- ☛ મૌનનો આઠ પુસ્તકના સેટની કિંમત રૂા.૩૫૦.૦૦ છે. જે રૂા.૨૦૦.૦૦ માં મળશે.
- ☛ **‘સહજ-સત્સંગ’** સામાયિક વાર્ષિક અર્પણ રૂા.૧૦૦/-